સુવિચાર

પ્રશંસા માનવીના મનને એટલી પ્યારી લાગે છે કે તેના તમામ કાર્યોનુ મૂળ તે પ્રશંસા જ બની રહે છે...


RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



૨૧મી સદીમાં પણ અંધશ્રદ્ધા અડીખમઃ પશુની બલી અટકાવવા જતાં પોલીસ-વિજ્ઞાનજાથા પર પથ્થરમારો P-4



Year-16, Issue-36 ■ DATE : 20-05-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# કોરોના વાઈરસના ફરી ભારતમાં દસ્તકઃ ૨૫૭ કેસ નોંધાયા

## ગુજરાતમાં કોવિડના ૭ કેસ એક્ટિવ, કેરળમાં સૌથી વધુ કેસઃ એશિયા-યુરોપ સહિતના દેશોમાં કોરોનાના કેસોમાં વધારાથી અનેક દેશોમાં એલર્ટ શરૂ થયા



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કોરોના વાયરસે ફરી એકવાર દસ્તક આપી છે. સિંગાપોર અને હોંગકોંગમાં કોવિડ-૧૯ના કેસોમાં વધારાને કારણે ભારતમાં લોકો ડરી ગયા છે. કોરોનાનો JN.1 વેરિઅન્ટના અનેક દેશોમાં કેસ નોંધાયા છે. કોરોનાના દેશમાં ૨૫૭ કેસ નોંધાયા છે. જ્યારે ગુજરાતમાં હાલ એક્ટિલ ૭ કેસ છે.

કોરોનાના નવા વેરિયન્ટ JN.1એ ફરી એકવાર ચિંતા વધારી છે. આ નવા વેરિયન્ટના ૨૫૭ કેશ દેશમાં નોંધાયા છે તો ગુજરાતમાં હાલ ૭ કેસ નોંધાયા છે. એક સપ્તાહમાં રાજ્યમાં છ નવા કેસ નોંધાયા છે. છેલ્લા એક સપ્તાહમાં ગુજરાતમાં કોરોનાથી એક દર્દી સ્વસ્થ થયું છે. ઉલ્લેખનિય છે કે, ૨૦૨૦થી અત્યાર સુધી ગુજરાતમાં કોરોનાના ૧૨.૮૧ લાખ કેસ નોંધાયા છે. ૨૦૨૦થી અત્યાર સુધીમાં રાજ્યમાં કોરોનાથી ૧૧ હજારથી વધુના મોત થયા છે.

કોરોનાના એક્ટિવ કેસની સંખ્યામાં ગુજરાત છઠ્ઠા ક્રમે છે. કેરળમાં કોરોનાના સૌથી વધુ ૯૫ એક્ટિવ કેસ નોંધાયા છે. તો તમિલનાડુ બીજા ક્રમે છે, જ્યાં કોરોનાના ૬૬ એક્ટિવ કેસ છે.

ફરી એકવાર, કેરળ, તમિલનાડુ અને મહારાષ્ટ્રમાં કોરોનાના દર્દીઓ ઝડપથી વધવા લાગ્યા છે. મુંબઈની KEM હોસ્પિટલમાં બે કોરોના પોઝિટિવ દર્દીઓના મોત બાદ શહેરમાં તકેદારી વધારી દેવામાં આવી છે. આરોગ્ય વિભાગ એલર્ટ મોડ પર છે. પ્રશ્ન એ છે કે શું કોરોનાનો આ વેરિયન્ટ ૨૦૨૦ જેવો કહેર વર્તાવશે.

સિંગાપોર અને હોંગકોંગ જેવા એશિયન દેશોમાં કોરોના વાયરસના નવા પ્રકારના કેસ સૌથી વધુ વધી રહ્યા છે. LF.7 અને NB.1.8 વેરિઅન્ટ્સને કારણે કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. બંને કોરોનાવાયરસના JN.1 પ્રકારમાંથી ઉદ્ભવ્યા છે. ૧ મે થી ૧૯ મે દરમિયાન, સિંગાપોરમાં કોરોનાના ૩૦૦૦ કેસ નોંધાયા હતા. હોંગકોંગમાં કોરોનાને કારણે અત્યાર સુધીમાં ૩૦ દર્દીઓના મોત થયા છે.

આરોગ્ય મંત્રાલયે સોમવારે કોરોના વાયરસ પર ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક બોલાવી હતી. બેઠકમાં દેશમાં કોવિડ-૧૯ ની વર્તમાન પરિસ્થિતિની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશમાં કોરોનાની સ્થિતિ નિયંત્રણમાં છે. ૧૯ મે સુધીમાં ભારત-માં કોરોનાના ૨૫૭ સક્રિય કેસ મળી આવ્યા હતા. દેશની મોટી વસ્તીને ધ્યાનમાં લેતા આ આંકડો ખૂબ જ ઓછો છે. મુંબઈમાં પણ બે દર્દીઓએ ચેપને કારણે જીવ ગુમાવ્યા છે. ભારત-માં કોરોનાના મોટાભાગના કેસ કેરળ, મહારાષ્ટ્ર અને તમિલનાડુમાં જોવા મળ્યા છે. જોકે, ભારતમાં ફરતા JN.1 કોરોના વેરિઅન્ટ વિશે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. પીટીઆઈએ એક સત્તાવાર સૂત્રને ટાંકીને જણાવ્યું હતું કે, ''દેશમાં જોવા મળતા લગભગ તમામ કોરોના કેસ હળવા છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર નથી.


ચીન અને થાઈલેન્ડની સરકારો પણ કોવિડ અંગે સતર્ક છે. ચીનમાં, રોગની તપાસ માટે જતા દર્દીઓમાં કોરોનાવાયરસના કેસ બમણા થઈ ગયા છે. લોકોને બૂસ્ટર શોટ લેવાની સલાહ આપવામાં આવી છે. ચાઇનીઝ સેન્ટર ફોર ડિસીઝ એન્ડ પ્રિવેન્શનના ડેટા અનુસાર, કોવિડ લહેર ટૂંક સમયમાં તીવ્ર બની શકે છે. તે જ સમયે, થાઈલેન્ડમાં બે અલગ અલગ વિસ્તારોમાં કોવિડના કેસોમાં ઝડપથી વધારો થયો છે.

અભ્યાસ મુજબ, રોગપ્રતિકારક તંત્ર માટે JN1ને બેઅસર કરવું થોડું મુશ્કેલ છે. અગાઉની રસીઓ અથવા ચેપમાંથી બનેલા એન્ટિબોડીઝ તેની સામે ઓછા અસરકારક હોય છે, પરંતુ XBB.1.5 મોનોવેલેન્ટ બૂસ્ટર રસી JN1 સામે લડવામાં મદદ કરે છે.

WHO મુજબ, XBB1.5 મોનોવેલેન્ટ બૂસ્ટર એ COVID-19 રસી છે. તે ખાસ કરીને ઓમિક્રોનના XBB1.5 પેટા પ્રકારને ઓળખવા માટે રચાયેલ છે. આ બૂસ્ટર શરીરમાં એન્ટિબોડીઝ વધારે છે અને JN1થી થતા રોગને ૧૯% થી ૪૯% સુધી અટકાવી શકે છે.

# ભારત પાકમાં જયાં ઈચ્છે ત્યાં હુમલો કરી શકે છે

### ભારતીય સેનાના વાયુ રક્ષા કો - ઓર્ડીનેટર લેફ. જનરલનો આકરો સંકેત




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઓપરેશન સિંદુરમાં છેક પાકના પાટનગર ઈસ્લામાબાદના જોડીયા શહેર રાવલપીંડીના નૂરખાન એરબેઝને ભારતીય હવાઈ હુમલામાં તબાહ કર્યા બાદ એક તરફ પાક ફફડી રહ્યું છે તે સમયે જ ડિરેકટર જનરલ ઓફ મિલીટ્રી ઓપરેશન લેફ. જનરલ સુમેર ઈવાન ડી કુન્હાએ આકરા શબ્દોમાં કહ્યું કે પુરુ પાકિસ્તાન ભારતના હુમલાની રેન્જમાં છે અને ભારત પાકમાં જયાં ઈચ્છે ત્યાં હુમલો કરી શકે છે.

લેફ. જનરલ એ કહ્યું કે પાકમાં કોઈપણ અંદરના હિસ્સા સુધી ભારતની પહોંચ છે અને પુરા પાક પર અમો પ્રહાર કરી શકીએ તેટલા શસ્ત્રો ભારત પાસે છે. તેઓએ ઓપરેશન સિંદુરનો ઉલ્લેખ કરતા કહ્યું કે આ ઓપરેશનથી ભારતની તાકાત કેટલી છે તે પ્રદર્શિત થયુ છે.

દેશની ક્ષમતા પર જ અમોએ ફોકસ કર્યુ છે. ભારત પાસે પુરા પાકિસ્તાનમાં કોઈપણ ટાર્ગેટ પર હુમલો કરવાની ક્ષમતા છે અને પુરુ પાકિસ્તાન એ ભારતીય સેનાની રેન્જમા છે.

તેઓએ એક સમાચાર સંસ્થા સાથેની મુલાકાતમાં કહ્યુ કે રાવલપીંડી પર ભારતના હુમલા બાદ હવે પાક સેનાનુ વડુ મથક છેક ખૈબરઘાટમાં પહાડી ક્ષેત્રમાં તેઓ ટ્રાન્સફર કરી રહ્યા છે પણ ત્યાં સુધી પણ ભારતથી હુમલો પહોંચી શકે છે.

પાકિસ્તાનનો કોઈપણ ભાગ ભારતના હુમલાથી બચી શકે નહી. ભાજપ સેનાના વાયુ રક્ષા-કોઓર્ડીનેટર તરીકે ફરજ બજાવતા લેફ. જનરલ એ કહ્યું કે ઓપરેશન સિંદુરમાં ભારતે પાકના એરબેઝ પર પ્રહારો કર્યા હતા અને તેના શ્રેષ્ઠ મથકોને ખાસ શસ્ત્રોથી ટાર્ગેટ કરાયા હતા.

હું ફકત એટલું જ કહેવા માંગુ છું કે પાકમાં કોઈપણ ઉંડાઈએ પહોંચવા ભારત પાસે પુરતા હથિયાર છે. અમો પુરા પાકિસ્તાનમાં લડી શકીએ છીએ. તેઓએ કહ્યુ કે સેનાની પહેલી ફરજ દેશની અખંડીતતાનું રક્ષણ કરવાની છે તથા દેશના લોકોની સુરક્ષા નિશ્ચિત કરવાનું છે અને ભારતની જમીનને રક્ષવા અમો પુરી રીતે તૈયાર છીએ.

# આડેધડ ટ્રાફિક નિયમનભંગ કરતા વાહન ચાલકોને ૧૨ હજાર કરોડનો દંડ!

**મુખ્ય સમાચાર, મુંબઇ**

શહેરોથી માંડીને ગ્રામ્ય સ્તર સુધી વાહનોની વધતી સંખ્યા તથા આડેધડ ટ્રાફિક નિયમનભંગનાં ઘટનાક્રમો વચ્ચે ભારતમાં છેલ્લા એક વર્ષમાં ૧૨૦૦૦ કરોડના ટ્રાફિક દંડ મેમો ફટકારવામાં આવ્યા છે. જે વિશ્વના અનેક નાના દેશોનાં વાર્ષિક અર્થતંત્ર કરતા પણ વધુ છે. ભારતમાં ૧૦ કરોડ લોકો પાસે વાહન છે અને રસ્તા પર દોડતા દરેક બીજા વાહનને ઓછામાં ઓછો એક વખત ટ્રાફિક દંડ થયો છે. દેશમાં માર્ગ અકસ્માતો રોકવા માટે સરકાર દ્વારા વખતોવખત ટ્રાફિક કાયદો આકરો બનાવીને દંડની રકમમાં વધારો કરવામાં આવ્યો છે. આડેધડ ટ્રાફિક દંડ અને મેમો સામે વાહન ચાલકોમાં પણ ઉહાપોહ થતો જ રહેતો હોવાનું ઉલ્લેખનીય છે.

કારની લે-વેચ કરતા પોર્ટલ કાર્સ ૨૪ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, ભારતમાં લાદવામાં આવેલા ટ્રેફિક ઉલ્લંઘનના દંડની રકમ ઘણા નાના દેશોના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ કરતાં વધુ છે.

આ સર્વેક્ષણ મુજબ ૨૦૨૪માં આશરે ૮ કરોડ ટ્રેફિક ચલાન ઈશ્યુ કરવામાં આવ્યાં હતાં જેમાં કુલ આવ્યો નથી. દંડ આશરે ૧૨.૦૦૦ કરોડ રૂપિયા હતો. આનો અર્થ એ થયો કે રસ્તા પર દોડતા લગભગ દરેક બીજા વાહનને ઓછામાં ઓછો એક વાર દંડ ફટકારવામાં આવ્યો છે. જોકે નોંધપાત્ર બાબત એ છે કે હજી પણ ૯૦૦૦ કરોડ રૂપિયાનો દંડ ચૂકવવામાં આવ્યો નથી.

# ભારત સરકારે દુબઈથી સોનાની આયાતના નિયમો વધુ કડક બનાવ્યા




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિશ્વ સ્તરે કેટલાંક વખતથી સોના-ચાંદીમાં રેકોર્ડબ્રેક સ્તરે જોરદાર તેજી છે.પરીણામે દાણચોરી-ગેરરીતીનાં કૃત્યો પણ વધી રહ્યા છે. તેને પગલે ભારત સરકારે દુબઈથી સોનાની આયાતના નિયમો વધુ કડક બનાવ્યા છે. ભારત અને સંયુકત આરબ અમીરાત (યુએઈ) વચ્ચેની સંધીનો ગેરઉપયોગ રોકવા માટે સરકારે સોના-ચાંદીની આયાત ચોકકસ સ્વરૂપમાં જ કરવા દેવાનું કદમ ઉઠાવ્યું છે.

કેન્દ્ર સરકારે જાહેર કરેલા નવા નિયમો અંતર્ગત અર્ધ ઉત્પાદીત પાઉડર સ્વરૂપે અથવા સંપૂર્ણ તૈયાર સ્થિતિમાં ન હોય તેવા સોના-ચાંદીની આયાત પર નિયંત્રણો રહેશે અને માત્ર નોમીનેટેડ એજન્સી, જવેલર્સો તથા માન્ય ટેરીફ રેટ કવોટા હોલ્ડર્સને જ આયાતની છુટ રહેશે. ભારત યુએઈ ઈકોનોમિક પાર્ટનરશીપ એગ્રીમેન્ટ હેઠળ આ સુધારા કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે ગત વર્ષનાં બજેટમાં જ સોના-ચાંદી તથા પ્લેટીનમ માટે નવા એચએસ કોડ (ટેરીફ કોડ)ની જાહેરાત કરી હતી અને તેના આધારે હવે નવા નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા છે.

બન્ને દેશો વચ્ચેની સંધી અંતર્ગત કેટલાંક આયાતકારો કાયદાની છટકબારીનો ગેરલાભ ઉઠાવતા હોવાનું સરકારના ધ્યાનમાં આવ્યુ હતું. દુબઈથી ૯૯ ટકા સોનું ધરાવતી પ્રોડકટને પ્લેટીનમ તરીકે ઘુસાડીને નીચા ટેરીફવોરનો ગેરલાભ ઉઠાવતા હતા તે રોકવા માટે સરકારે ૯૯ ટકા કે તેથી વધુ પ્લેટીનમ હોય તેવી પ્રોડકટ માટે નવા એચએસ કોડ જારી કર્યા હતા શ્રેણીની આયાતને જ નીચા ટેકસનો લાભ પ્લેટીનમની અન્ય માત્રા ધરાવતી પ્રોડકટ પર નિયંત્રણ રહેશે. સરકારનું માનવુ છે કે, નવા નિયંત્રણમાંથી પ્લેટીનમનાં નામે સોનુ ઘુસાડવાનાં કૃત્યો-ગોરખધંધા અટકાવી શકાશે. કેન્દ્ર સરકારનાં એક સીનીયર અધિકારીએ કહ્યું કે પ્લેટીનમનાં નામે આયાતકારો સોનુ ન ઘુસાડી શકે તે માટે બજેટની જાહેરાત મુજબ એચએસ કોડ અલગ કરી દેવામાં આવ્યા છે.

**રાજકોટ મનપાના જનરલ બોર્ડમાં તૂ તૂ મેં મેં...**

# ટીઆરપી ઝોન અગ્નિકાંડ અને ટીપીની ચર્ચાના મુદ્દે કોંગ્રેસનો હોબાળો

## ફરી એકવાર શહેરના પાણી, શિક્ષણ અને આરોગ્ય જેવા પ્રાણ પ્રશ્નોની ચર્ચાને બદલે ગ્રાન્ટની ફાળવણી જેવા વાહીયાત પ્રશ્નોની ચર્ચામાં શાસકોએ એક કલાકનો મહત્વનો સમય બગાડયો






તસવીર : આનંદ જાવીયા













**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ મહાનગરપાલિકાનું સામાન્ય સભા મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં ફરી એકવાર શાસક ભાજપના સભ્યો દ્વારા શહેરના પ્રાણ પ્રશ્નોની ચર્ચા કરવાને બદલે સરકાર દ્વારા ગત નાણાકિય વર્ષમાં રાજકોટના વિકાસ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી જેવા વાહીયાત પ્રશ્નોની ચર્ચામાં એક કલાકનો સમય વેડફી નાખ્યો હતો. બીજી તરફ કોંગ્રેસના મનપાના નેતા વશરામ સાગઠીયાએ જનરલ બોર્ડમાં ટીઆરપી ઝોન અગ્નિકાંડ તેમજ શહેરની ટીપીની ચર્ચા કરવા જણાવ્યું હતું. પરંતુ મેયરે આ મુદ્દે ધ્યાન ન આપતા કોંગ્રેસે ચાલુ સભાએ હોબાળો મચાવ્યો હતો.

આજે દોઢ મહિનાના અતરાલ બાદ સામાન્ય સભા મળી હતી. પરંતુ ભાજપ દ્વારા શહેરીજનોના પ્રાણ પ્રશ્નો અંગે કોઇ ચિંતા ન હોય તેમ ગ્રાન્ટ જેવો ક્ષુલ્લક પ્રશ્ન પુછી અગત્યનો સમય બરબાદ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, આજે સવારે ૧૧ કલાકે મળેલી સામાન્ય સભાના પ્રારંભમાં કોંગ્રેસના તમામ નગરસેવકો હાજર રહ્યા હતા. ૨૦ મીનીટ બાદ કોંગ્રેસના વિરોધ પક્ષના નેતા વશરામભાઇ સાગઠીયા ટીઆરપી ગેમ ઝોન પીડિતોને ન્યાય અપાવવા બાબતેનું પોસ્ટર લઇ સભાગૃહમાં પ્રવેશ્યા હતા. જે મુદ્દે ભાજપના પદાધિકારીઓએ તેમજ કોર્પોરેટરોએ વિરોધ કરી અધ્યક્ષને આ અંગે પગલા લેવા જણાવી બોર્ડની ગરીમા જાળવવા જણાવ્યું હતું. બાદમાં કમિશ્નર દ્વારા ગ્રાન્ટના પ્રશ્નોનો જવાબ આગળ વધારતા અકળાયેલા વશરામભાઇ સાગઠીયાએ મેયર અને કમિશ્નર પાસે ધસી જઇ ઉપરોકત પ્રાણ પ્રશ્નોની ચર્ચા કરવા જણાવ્યું હતું. તેમણે સામાન્ય સભામાં જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા લોકશાહીને દબાવવાનો પ્રયાસ થઇ રહ્યો છે. ટીઆરપી ગેમ ઝોન કાંડને એક વર્ષ પુર્ણ થયું હોવા છતાં જવાબદારો સામે મ્યુ. તંત્ર દ્વારા કોઇ કાર્યવાહી કરાઇ નથી. જે વ્યાજબી નથી. તેમણે મેયરને આડે હાથ લેતા કહ્યું હતું કે, આપ એક મહિલા તેમજ શહેરના પ્રથમ નાગરિક છો. આપની ફરજ છે કે, સામાન્ય સભામાં આપ આ મુદ્દે ચર્ચા કરવા માંગો પરંતુ આપ સંવેદનસીલતા ગુમાવી ચુકયા છો.

સામાન્ય સભાના અંતમાં ૧૧ એજન્ડા પર એક મતે સહમતી સધાય હતી અને તમામ દરખાસ્તો પસાર કરવામાં આવી હતી. આ પહેલા આજે શરૂઆતમાં પહેલગામમાં ૨૭ નિર્દોષ લોકોની હત્યા થતા તેઓને શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી હતી. તેમજ સૈન્ય દ્વારા પાકિસ્તાનમાં એરસ્ટ્રાઇક કરી ઓપરેશન સિંદુરને સફળ બનાવવા સૈન્યને અભિનંદન પાઠવતો પ્રસ્તાવ રજૂ કરાયો. આજની સામાન્ય સભામાં મનપાના કોર્પોરેટરો તેમજ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

### ભાજપના જ નગરસેવક નેહલ શુકલએ ફાયર એનઓસી અને ૨૦ લાખ ઉપરના ટેન્ડરને લઇ કર્યા સવાલ

આજે જનરલ બોર્ડ બાદ પત્રકારો સાથેની વાતચીતમાં ભાજપના નગરસેવક નેહલ શુકલએ જણાવ્યું હતું કે, એક નગરસેવક તરીકે પ્રજાના પ્રશ્નો બાબતે અવાજ ઉઠાવવાનો તેઓનો અધિકાર છે. તેમણે જણાવ્યું હતુ કે હાલ શહેરમાં ફાયર એનઓસી બાબતે લોકોને તકલીફ વધી રહી છે તેમજ મનપાના ૨૦ લાખ ઉપરના ટેન્ડર બાબતે પણ કેટલીક દુવીધા છે તે અંગે તેઓએ સામાન્ય સભા સમક્ષ પ્રશ્ન રાખ્યો હતો. જો કે આ બાબતના સવાલ જનરલ બોર્ડમાં લેવાયા ન હતા.

### મ્યુ.કમિશનર ભાજપના માણસ છેઃ વશરામ સાગઠીયા

આજે સામાન્ય સભામાં ટીઆરપી ઝોન અગ્નિકાંડ મુદ્દે સત્તાધિશો દ્વારા કોઇપણ ચર્ચા નહીં કરાતા કોંગ્રેસના નેતા વશરામ સાગઠીયા ઉકળી ઉઠયા હતા. તેઓએ મેયર સહિત તમામ ભાજપના નગરસેવકો અને મ્યુ. કમિશ્નર તુષાર સુમેરાને આડે હાથ લેતા જણાવ્યું હતુ કે, મ્યુ. કમિશનરતો ભાજપના માણસ છે. તે કોંગ્રેસની કોઇ વાત સાંભળવા માંગતા નથી. અમે અહીં ભાજપના વખાણ સાભળવા આવ્યા નથી. પરંતુ ટીપી સ્કીમ જેવા મહત્વના મુદ્દે ચર્ચા કરવી જરૂરી છે. તેઓએ વધુમાં જણાવ્યું હતુ કે, જો તેઓ આ બાબતે ખોટા હોય તો ભાજપ દ્વારા તેમના વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવે. તેમજ આવનારી ચૂંટણીમાં તેઓએ ભાજપને પડકાર ફેંકતા જણાવ્યું હતુ કે, મારા વોર્ડમાં આવી મને હરાવો તો સાચા કહું.

### રાજકોટ મહાનગરપાલિકા ના જનરલ બોર્ડમાં સર્જાયા વરવા દ્રશ્યો

આજે જનરલ બોર્ડમાં વિપક્ષી નેતા વશરામ સાગઠિયા દ્વારા મેયરને રજૂઆત કરવામાં આવતા તેઓને અટકાવી દેવામાં આવ્યા હતા. વશરામ સાગઠીયાએ માંગ કરી હતી કે, ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડના પીડિતો અને મૃતકો મુદે પદાધિકારીઓના અને જવાબદાર લોકોને સજા મળે. બાદમાં મેયરે તેઓને ઓફિસમાં આવી રજુઆત કરવા જણાવ્યું હતું. વિજીલન્સ દ્વારા વશરામ સાગઠિયા અને અન્ય કોંગી નગરસેવકો ના હાથ માંથી કાગળ ખેંચી લેવામાં આવ્યા હતા.

ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક
TUESDAY 20/05/2025 02

# જેતપુરમાં એમ્બ્યુલન્સના ચોર ખાનામાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## પોલીસે રૂપિયા ૧.૨૪ લાખનો દારૂ બિયરનો જથ્થો કબજે કરી બે શખસોની કરી ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુર સીટી વિસ્તારમાં ગ્રામ્ય એલસીબીની ટીમે બાતમીના આધારે એમ્બ્યુલન્સના ચોર ખાનામાંથી રૂપિયા ૧.૨૪ લાખનો દારૂ બિયરનો જથ્થો ઝડપી લઇ બે શખ્સોને ધડપકડ કરી છે

અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એલસીબીના પીઆઇ વીવીઓડેદરા ની સૂચનાથી પીએસઆઈ એચસી ગોહિલ અને તેની ટીમના હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ તથા નિલેશભાઈ તથા હરેશભાઈ સહિત જેતપુર સીટી વિસ્તારના ભોજા તાર વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગમાં હતા ત્યારે બાદ એના આધારે એમ્બ્યુલન્સ નંબર ૧૦ ૭૦૦૨ ને અટકાવી તલાસી લેતા એમ્બ્યુલન્સમાં દોરખાના માંથી વિદેશી દારૂ અને બિયર કિંમત રૂપિયા ૧.૨૪ લાખ માં મળી આવતા ભાવનગર ઘોઘા સર્કલ પાસે રહેતો અજય ઉર્ફે એ જે મનસુખ કટારીયા અને જેતપુરમાં બાપુની વાડી વિસ્તારમાં રહેતો સુનિલ પરસોત્તમ ની ધરપકડ કરી રૂપિયા ૪.૪૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે

### મોરબીના જુના બસસ્ટેન્ડ નજીક નોટ નંબરનો જુગાર રમતા ચારને દબોચી લેતી એ ડિવિઝન પોલીસ

મોરબી સીટી એ ડિવિઝન શાગેરના જુના બસ સ્ટેન્ડ નજીક પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન રીક્ષા સ્ટેન્ડ અંદર જાહેરમાં ચલણી નોટના નંબર ઉપર પૈસાની હારજીતનો જુગાર રમતા ચાર જુગારીને ઝડપી લેવામાં આવ્યા હતા જેમાં આરોપી મીનપ્રસાદ વસંતપ્રસાદ ભુશાલ ઉવ.૨૪ રહે. લાખુભા દરબારના મકાનમાં વીશીપરા હાઉસીંગ કવાર્ટર પાછળ મોરબી, સાગરપુરી નીતીનપુરી ગૌસ્વામી ઉવ.૨૭ રહે.વાવડી રોડ સુમતીનાથ સોસાયટી મોરબી, ઈમરાનભાઈ ગફારભાઈ પરમાર ઉવ.૪૨ લાતીપ્લોટ શેરી નં. ૮ મોરબી તથા મહમદભાઈ જીવાભાઈ પરમાર ઉવ.૪૧ રહે.લોમજીવન સોસાયટી વાવડી રોડ મોરબી વાળાને રોકડા રૂ.૨,૭૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લેવામાં આવ્યા છે. તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી નવયુગ શૈક્ષણિક ગ્રુપ દ્વારા વર્ગ-૪ના ૮૫ સ્વજન સમાન કર્મચારીઓને નિઃશુલ્ક જાત્રા કરાવી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનના ૩૪૫માંથી ૮૫ વર્ગ-૪ના કર્મચારીઓ માટે ઓમકારેશ્વરથી કાશી સુધીના પવિત્ર ધામોની નિઃશુલ્ક યાત્રાનું આયોજન સુપ્રીમો પી. ડી. કાંજીયા સાહેબે કર્યું હતું. સામાન્ય રીતે શિક્ષકો અને અધિકારીઓને મળતા પ્રવાસનો લાભ વર્ગ-૪ના સ્ટાફને પણ મળે, તેવા ભાવ સાથે યાત્રાનું આયોજન કરાયું હતું. કાંજીયા સાહેબનું માનવું છે કે કર્મચારીઓ પરિવારના સભ્ય સમાન છે અને એમની જરૂરિયાતો પૂરી કરવી ફરજ ગણાય છે. વર્ષ દરમ્યાન તેઓ સ્ટાફ માટે બોનસ, મીઠાઈ, અનાજ કીટ, પ્રેરણાદાયક મૂવીઝ, ભોજન પાર્ટી, યુનિફોર્મ અને લોન જેવી અનેક મદદરૂપ યોજનાઓ અમલમાં મૂકે છે. આ યાત્રા માત્ર પ્રવાસ નહીં પણ લાગણીભરી પ્રસંન્નતાનું ઉદાહરણ બની રહી હતી.

નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનમાં ટોટલ ૩૪૫ કર્મચારી છે જેમાંથી શિક્ષકો, ક્લાર્ક પ્રિન્સિપાલ વગેરે અવારનવાર પ્રવાસે જઈ આવતા હોય જ્યારે વર્ગ-૪ના કર્મચારી જેમ કે સ્ટૉર કિપર, રસોડા વિભાગ,



સિક્યુરિટી, સફાઈ કામદાર, પટાવાળા બહેનો, ડ્રાઈવર ભાઈઓ, વગેરે કર્મચારીઓને આવા કોઈ શૈક્ષણિક પ્રવાસમાં લાભ ન મળે, બીજું કે આ યાત્રા ખર્ચાળ હોઈ નાના વર્ગના લોકોને પોસાઈ નહિ એવા હેતુથી ૮૫ જેટલા વર્ગ-૪ના કર્મચારીને નિઃશુલ્ક યાત્રા પ્રવાસ કરાવેલ. જેમાં ઓમકારેશ્વર, ઉજ્જૈન, ચિત્રકૂટ, પ્રયાગરાજ, છપૈયા, અયોધ્યા, કાશી, ગોકુળ-મથુરા વૃંદાવન, અંબાજી પુસ્કર જેવા સ્થળોએ યાત્રા કરાવેલ હતી.

નવયુગ ગ્રુપના સુપ્રીમો કાંજીયા સાહેબનુ માનવું છે કે કર્મચારીએ આપણા હાથ-પગ છે, તેઓ દરેક કર્મચારીને પરિવારનો સભ્ય મને છે. જ્યારે નવયુગ એક વિશાળ પરિવાર છે એના માટે જે કંઈ પણ કરીએ એ કોઈ ઉપકાર નથી એ ફરજ મને છે. રાષ્ટ્ર, ધર્મ અને સમાજ સોસાયટીમાં લાખોનું દાન આપતા હોય ત્યારે સૌ પહેલા તમારા પરિવાર અને કર્મચારી ગણને બધી જરૂરિયાત પૂરી પાડવી જોઈએ. એવા ઉમદા વિચારો સાથે નવયુગના સુપ્રીમો પી. ડી. કાંજીયા તરફથી નવયુગના તમામ સ્ટાફને વર્ષમાં એક વાર દિવાળીએ બોનસ, મીઠાઈ, ગિફ્ટ, વાર તહેવારે અનાજ કીટ વગેરે આપવામાં(અર્પણ) કરવામાં આવે છે. તમામ કર્મચારીને વર્ષમાં બે થી ત્રણ વાર પ્રેરણાદાયક મુવી બતાવવુ, ચારથી પાંચ વાર ભોજનની પાર્ટી આપવી, વર્ષમાં ચારથી પાંચ વખત યુનિફોર્મ, કપડા, સાડી, અનાજ કીટ વગેરે વસ્ત્ર દાન આપવું. આ સિવાય તેમના પરિવારની કોઈ પણ મુશ્કેલીમાં જે કાંઈ પણ જરૂરિયાત હોય તે પૂરી કરી સાથે ઉભું રહેવું, કોઈ પણ કર્મચારીને ૫૦ હજારથી માંડીને ત્રણ લાખ સુધી લોન આપવી, વર્ષમાં મોટા મેગા સેમિનાર જેમાં સ્ટાફને તેમના જીવનના ઉત્કર્ષ માટે જ્ઞાન મળી રહે તેવું આયોજન કરવામાં આવે છે. તેમજ દૂર ગામડાના કર્મચારી હોય તો રહેવા જમવાની વ્યવસ્થા નિશુલ્ક આયોજન કરી આપે છે.

# ટંકારામાં પરિણીતાને મરવા મજબુર કરનાર પતિ, સાસુ-સસરાની પોલીસે અટક કરી



## દહેજ માટે ત્રાસ આપતા પતિ સહિતના સાસરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાતા, ટંકારા પોલીસે કરી ત્વરિત કામગીરી

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારામાં રહેતી પરિણીતાએ દહેજ માટે પતિ અને સાસરીયા તરફથી મળતા ત્રાસથી તંગ આવી ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. ત્યારે મૃતકના પિતાની ફરિયાદને આધારે પતિ, સાસુ અને સસરા સામે ગુનો નોંધી ટંકારા પોલીસે તાત્કાલિક ત્રણેયની અટકાયત કરી આગળની તપાસ ચલાવી છે.

ટંકારા ટાઉનમાં ગત ૧૮ મે ના રોજ એક આપઘાતની ઘટના સામે આવી હતી. જેમાં ટંકારાની લક્ષ્મીનારાયણ સોસાયટીમાં રહેતી પરિણીતાએ પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. ત્યારે મૃતક કિંજલબેનના પિતા વિનોદભાઈ પરમાર રહે. ઊંટડી, જી.સુરેન્દ્રનગર વાળાએ ટંકારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, લગ્ન પછી તેમના જમાઈ શુભમ હિરાલાલ પનારા, સાસુ રિનલબેન અને સસરા હિરાલાલ પનારા દ્વારા પુત્રવધૂ કિંજલને વારંવાર દહેજ અને પૈસાની માંગ માટે માનસિક ત્રાસ આપતા હતા. ફરિયાદી વિનોદભાઈની ફરિયાદ અનુસાર, જમાઈને વિદેશ ભણવા માટે ૫ લાખ રૂપિયાની માંગ કરી હતી, પણ આર્થિક હાલત ખરાબ હોવાથી તેઓ પૈસા આપી શક્યા નહોતા. આ બાબતે સાસરીયાઓએ તેમની દિકરીને સતત શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હતો. આ ત્રાસથી કંટાળીને કિંજલબેને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. જે ફરિયાદને આધારે ટંકારા પોલીસે ત્વરિત કાર્યવાહી કરી પતિ, સાસુ-સસરા એમ ત્રણ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તેમની અટકાયત કરવામાં આવી છે. અને ત્રણેય આરોપીઓને કોર્ટ હવાલે કરવામાં આવ્યા છે. વધુમાં ટંકારા પોલીસ મથક પીઆઇ કે.એમ. છાસીયા દ્વારા આગળની તપાસ શરૂ કરવામાં આવી છે, હાલ, તપાસની કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે.

### સિક્કામાં કારમાં ઇંગ્લિશ દારૂની હેરાફેરી કરી રહેલા શખ્સને પોલીસે પડકારતા કારચાલક વાહન છોડી ભાગી છૂટ્યો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના સિક્કા પંથકમાં આજે સવારે સિક્કા પોલીસ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવી રહ્યું હતું, જે દરમિયાન ૪૪૪૪ નંબરની એક કાર શંકાસ્પદ હાલત-માં જણાઈ હતી, અને પોલીસને માહિતી મળી હતી, કે તે કારમાં ઇંગ્લિશ દારૂની હેરાફેરી થઈ રહી છે.જેથી પોલીસે તે કારનો પીછો કરતાં કારનો ચાલક પોતાનું વાહન છોડીને ભાગી છૂટ્યો હતો. જેથી પોલીસે ઉપરોક્ત કારની તલાસી લેતાં તેમાંથી ૭૨ નંગ ઇંગ્લિશ દારૂની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો.જેથી પોલીસે રૂપિયા ૩૭,૪૪૦ ની કિંમતનો ૭૨ નંગ ઇંગ્લિશ દારૂની બોટલોનો જથ્થો અને રૂપિયા દોઢ લાખની કિંમતની જી.જે.૦૫ સી.ક્યુ. ૪૪૪૪ નંબરની સ્કોડા કંપનીની કાર કબજે કરી લીધી છે, અને તે વાહનના રજીસ્ટ્રેશન નંબરના આધારે કારચાલકની શોધખોળ હાથ ધરી છે.

# મોરબીમાં મહારાણા સર્કલ નજીક ઓવરબ્રિજ નીચે થયેલ કેબલ ચોરીનો ભેદ ઉકેલાયો,બે આરોપી પકડાયા

## બી ડિવિઝન પોલીસે બે શખ્સોને ઝડપી પાડીને કેબલ અને ક્લોઝર વેચાણના રૂ.૧૬,૦૦૦ કબ્જે કર્યા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના મહારાણા સર્કલ નજીક નવા બનતા ઓવરબ્રિજ નીચેથી એનએફએસ-ઓએફસી કેબલ ચોરીના ગુનાનો ભેદ મોરબી બી ડિવિઝન પોલીસે ઉકેલી લીધો છે. પોલીસે બાતમીના આધારે બે આરોપીઓને પકડી પાડી અને ચોરી કરેલ કેબલ અને ક્લોઝરના વેચાણના રૂ.૧૬,૦૦૦/- કબજે કરી વધુ તપાસ શરૂ કરી છે.

મોરબી શહેરના મહારાણા સર્કલ પાસે નવા બનતા ઓવરબ્રિજની નીચેથી ૨૦૦ મીટર NFS-OFC વાયર તથા જ્વાઈન્ટ ક્લોઝર ચોરી થયા હોવાની ફરિયાદ બાદ સીટી બી ડિવિઝન પોલીસ સક્રિય બની પોલીસ ઈન્સ્પેક્ટર એન.એ. વસાવાના સુપરવિઝન હેઠળ સર્વેલન્સ ટીમે ટેકનિકલ વર્ક તેમજ સીસીટીવી ફૂટેજ ચેક કરીને તપાસ શરૂ કરી હતી, તે દરમિયાન હ્યુમન ઈન્ટેલિજન્સ ઉપરથી બાતમી મળી કે ઉપરોક્ત કેબલની ચોરી કરનાર શખ્સો મહારાણા સર્કલ નજીક ઓવરબ્રિઝ નીચે રેકી કરી કેબલ કે અન્ય વસ્તુ ચોરી કરવા આવનાર છે, જે આધારે પોલીસ ટીમ મહારાણા સર્કલ નજીક વોચમાં હોય તે દરમિયાન આરોપી દિનેશ નંદુભાઈ માવી ઉવ.૨૦ રહે. હાલ વાવડી ગામ પાસે ઝૂંપડામાં મૂળ રહે.મધ્યપ્રદેશ રાજ્યના જામવા જીલ્લાના નાના કોટડા તથા આરોપી રજાકભાઈ લતીફભાઈ કચ્છી ઉવ.૬૨ રહે.મોરબીમાં કુબેરનાથ રોડ મેમણ શેરી વાળા ત્યાં આવતા બંને આરોપીઓની અટક કરવામાં આવી, આરોપીઓ પાસેથી ચોરી કરેલ ૨૦૦ મીટર કેબલ અને ક્લોઝરના વેચાણ કારેલના કુલ રૂ.૧૬,૦૦૦/- કબ્જે કર્યા હતા. આ સાથે સીટી બી ડિવિઝન પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી શરૂ કરી છે.

# ભારત દેશની નાગરિક સુરક્ષા દળ (Civil Defence)માં સ્વયંસેવકો તરીકે જોડાવવા મોરબીવાસીઓને આહવાન

## દેશ સેવામાં જોડાવવા નિયત ફોર્મ સાથે મોરબી ગ્રામ્ય મામલતદાર કચેરી ખાતે રજીસ્ટ્રેશન કરાવવું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી આપણો દેશ, ભારત, એક સમૃદ્ધ સંસ્કૃતિ, ઇતિહાસ અને વિવિધતાનું પ્રતિક છે. આજે, આપણે એક એવા સમયમાં ઉભા છીએ જ્યાં આપણા દેશની પ્રગતિ અને વિકાસ માટે દરેક નાગરીકનું યોગદાન અમુલ્ય છે. આપણે સૌએ સામુહિક રીતે આગળ વધીને આપણા દેશની સેવા કરવાનો સમય આવી ગયો છે. નાગરિક સુરક્ષા દળ (Civil Defence) કુદરતી આફતો અને માનવસર્જિત આપત્તિઓ સમયે સમુદાયની રક્ષા કરવામાં અને મદદ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તમે આ દળમાં જોડાઈને દેશ અને સમાજની સેવા કરી શકો છો.

તમામ ઉત્સાહી અને દેશભક્ત નાગરિકોને (૧૮ વર્ષ અને તેથી ઉપરના ભારતના નાગરીકોને) સ્વયંસેવક તરીકે જોડાવા માટે મોરબી ગ્રામ્ય મામલતદાર કચેરી દ્વારા આહવાહન કરવામાં આવ્યું છે. તમારી કુશળતા, સમય અને જુસ્સો દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો આપી શકે છે, ભલે તમે શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ, સ્વચ્છતા કે અન્ય કોઈ ક્ષેત્રમાં યોગદાન આપવા ઈચ્છતા હો, તમારું દરેક પગલું ભારતને વધુ મજબૂત અને સમૃદ્ધ બનાવશે. આપણે શું કરી શકીએ? ગામડાઓ અને શહેરોમાં જાગૃતિ ફેલાવીએ, બચાવ અને રાહત કામગીરી, પ્રાથમિક સારવાર અને તબીબી સહાય, આગ ઓલવવામાં મદદ, સંચાર અને પરિવહન વ્યવસ્થા જાળવવી, આશ્રયસ્થાનોનું સંચાલન, સમુદાયને આપત્તિઓ માટે તૈયાર કરવો, બચાવ પ્રવૃતિ સબંધિત કામગરી કરી શકાય છે.

હવે પ્રશ્ન એ કે કેવી રીતે જોડાવું? જો તમે આ દેશસેવાના પવિત્ર કાર્યમાં ભાગ લેવા ઈચ્છો તો નિયત ફોર્મમાં તમારું નામ, સંપર્ક વિગતો અને તમે કયા ક્ષેત્રમાં યોગદાન આપવા માગો છો તેની માહિતી સાથે ફોર્મ જમા કરાવવા મોરબી ગ્રામ્ય મામલતદાર કચેરી, રૂમ ન.૩, તાલુકા સેવા સદન, લાલબાગ, મોરબી ખાતે કચેરી સમય દરમિયાન સ્વયં સેવકોનું રજીસ્ટ્રેશન ચાલુ છે. રજીસ્ટ્રેશન માટે (૧) આધારકાર્ડ, (૨) રેશન કાર્ડ, (૩) ઘરવેરા / લાઈટ બીલ, (૪) ચૂંટણી કાર્ડ, (૫) ડ્રાઈવિંગ લાઇસન્સ, (૬) શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ પૈકી કોઈપણ એક પૂરાવાની નકલ જોડવી / સાથે લાવવી જરૂરી છે.

આવો, આપણે સૌ મળીને એક એવા ભારતનું નિર્માણ કરીએ જે સમૃદ્ધ, સશક્ત અને એકતાનું પ્રતિક બને. તમારું એક નાનું પગલું દેશના ભવિષ્યને બદલી શકે છે. તમારી કુશળતા અને રુચિ અનુસાર, તમે વિવિધ પ્રકારની તાલીમ અને જવાબદારીઓ નિભાવી શકો છો. નાગરિક સુરક્ષા દળમાં જોડાઈને, તમે માત્ર અન્યની જ મદદ નથી કરતા, પરંતુ તમે તમારામાં પણ મહત્વપૂર્ણ કૌશલ્યો વિકસાવો છો અને એક જવાબદાર નાગરિક તરીકેની ફરજ નિભાવો છો. ત્યારે નાગરિક સુરક્ષા દળમાં જોડાઈને દેશની સેવામાં યોગદાન આપવાનો સંકલ્પ કરવા તમામ મોરબી તાલુકાવાસીઓને મોરબી ગ્રામ્ય મામલતદાર એમ.ટી. ધનવાણી દ્વારા અપીલ કરવામાં આવે છે.

### મોરબીના લાલપર નજીક કારખાનાના પ્રેસ-મશીનમાં માથું આવી જતા શ્રમિક મહિલાનું મોત

મોરબી તાલુકાના લાલપર ગામની સીમમાં જાંબુડીયા પાવરહાઉસની પાછળ ઈંપોઝ કંપનીમાં રહેતા અંજલીદેવી મહેશ સ્વામી ઉવ-૪૦ ગઈકાલ તા.૧૯/૦૫ના રોજ ઈંપોઝ કંપનીમાં બપોર બાર વાગ્યાની આસપાસમાં સાફસફાઇ કરતાં હતાં ત્યારે કોઇ કારણસર પ્રેસ-મશીનમાં તેમનું માથુ આવી જતાં અંજલીદેવીને મૃત હાલતમાં તેમના પતિ મહેશ સ્વામી દ્વારા મોરબી સરકારી હોસ્પિટલ ખાતે પીએમ રૂમમાં લાવતાં જ્યાં ફરજ પરનાં ડોક્ટરે મરણ જાહેર કરેલ હતા. હાલ તાલુકા પોલીસે ઈન્કવેસ્ટ પંચનામાં સહિતની કામગીરી માટેની કાર્યવાહી શરૂ કરી છે. મૃત્યુના બનાવ અંગે પ્રાથમિક વિગતો મેળવી અ. મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# જામનગર જીલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં જીલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજવામાં આવી હતી. લોકો માર્ગ અકસ્માતનો ભોગ ન બને તે અનુસંધાને જરૂરી પગલા લેવા કલેક્ટરએ સબંધિત અધિકારીઓને સૂચન કર્યું હતું. બેઠકમાં અગાઉની બેઠક દરમિયાન લેવાયેલા નિર્ણયો મુજબ થયેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.




આ બેઠકમાં જામનગર મહાનગરપાલિકા દ્વારા માર્ગ અકસ્માતો ઘટાડવા માટે કરવામાં આવેલી કામગીરી જેમાં સાત રસ્તા સર્કલથી નાગનાથ જંક્શન સુધીના રસ્તા પર સર્વિસ રોડ બનાવવાની કામગીરી શરુ કરવામાં આવી છે. ધુંવાવ પાસે તથા સમર્પણ સર્કલથી નાઘેડી જંક્શન સુધી ભૂગર્ભ ગટરનું કામ ચાલી રહ્યું હોય ભૂગર્ભ ગટર યોજના શાખા દ્વારા જરૂરી સાઈનેજીસ તથા ડાયવર્ઝનના બોર્ડ લગાવવામાં આવેલ છે.જામનગર જીલ્લામાં એપીએમસી ખાતે આવતા માલવાહક વાહનોમાં રેડીયમ અને રીફ્લેક્ટર લગાવવા માટેની તથા માર્કેટિંગ યાર્ડ ખાતે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. બેઠકમાં કલેક્ટર કેતન ઠક્કરે માર્ગ અકસ્માતોના સ્થળોની તપાસ, બ્લેક સ્પોટ્સ પર અકસ્માતો ઘટાડવા માટેના ઉપાયો, ઓવર સ્પીડિંગના વાહનોને લઈને તાત્કાલિક કાર્યવાહી કરવા તથા લોકોની સુરક્ષા અને સલામતીને પ્રાધાન્ય આપીને અકસ્માત થવાનો ભય હોય તેવા સ્થળોએ અકસ્માત ટાળવા અંગે જરૂરી પગલાઓ લેવા જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ, અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેર સહિત વિવિધ વિભાગોના વડા હાજર રહ્યા હતા.

# ટંકારાના રોહીશાળા ગામે પશુપાલન વિભાગના ડોક્ટર્સએ જટીલ રૂમેનોટોમી સર્જરીથી ભેંસને આપ્યું નવજીવન

## ભેંસની હોજરીમાં લોખંડ હોવાથી પશુપાલન વિભાગની ટીમે ફિલ્ડ પર જ ઓપરેશન હાથ ધરી ભેંસને પીડામાંથી મુક્ત કરાવી

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના રોહીશાળા ગામે પશુપાલકશ્રી મહેશભાઈ મુંધવાની ભેંસ છેલ્લા ત્રણ મહિનાથી બીમાર હોવાથી પશુપાલન વિભાગના અધિકારીઓ દ્વારા ભેંસની તપાસ અને નિદાન કરવામાં આવ્યું હતુ. જે નિદાન પરથી ભેંસની હોજરીમાં ફોરેન બોડી (લોખંડ) જોવા મળતા મોરબીની પશુ ચિકિત્સા ટીમ દ્વારા ફિલ્ડ પર જ અઘરી ગણાતી રૂમેનોટોમી સર્જરીથી ઓપરેશન કરી ભેંસને પીડામાંથી મુક્ત કરાવી નવજીવન આપ્યું હતું.

રોહીશાળા ગામના પશુપાલકની ત્રીજા વેતરની ભેંસ ત્રણ મહિનાથી બીમાર રહેતી હતી, જેની પશુપાલક દ્વારા પણ સારવાર કરવામાં આવી હતી. પરંતુ ભેંસને સારું થતું ન હોવાથી તેમણે ટંકારા તાલુકાના પશુ ચિકિત્સા અધિકારીશ્રી ડો. વિજય ભોરણીયાનો સંપર્ક કર્યો હતો. જેમણે પશુ ચિકિત્સા ભેસનું મેટલ ડિરેક્ટરની મદદથી નિદાન કર્યું હતું અને નિદાનના અંતે ભેંસની હોજરીમાં ફોરેન બોડી (લોખંડ) હોવાનું ફલિત થયું હતું. હોજરીમાં રહેલ લોખંડ બહાર કાઢવા માટે અઘરી ગણાતી રૂમેનોટોમી સર્જરીથી ઓપરેશન કરવાની જરૂર જણાઈ હતી. આ ઓપરેશન ફિલ્ડ લેવલે ખૂબ જ ઓછા પ્રમાણમાં થતું હોય છે ઉપરાંત ઓપરેશન માટે વેટરનરી ડોક્ટરની ટીમની પણ જરૂર પડતી હોય છે.

સામાન્ય રીતે ૨ થી ૩ કલાક ચાલતી આ સર્જરી માટે ગત ૧૭ મે ના રોજ પશુચિકિત્સક અધિકારી ડો. વિજય ભોરણીયા અને ડો. નિલેશ ભાડજા તેમજ મોરબીની પશુ ચિકિત્સા ટીમ દ્વારા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ઓપરેશનના અંતે ભેંસના પેટમાંથી લોખંડની રીંગ, તૂટેલી ચાવીનો કટકો, લોખંડનો તાર તેમજ લોખંડનો ભૂકો સફળતાપૂર્વક બહાર કાઢી ભેંસને અસહ્ય પીડામાંથી મુક્ત કરાવવામાં આવી હતી. ભેંસને નવજીવન આપવા બદલ પશુપાલક મહેશભાઈ રમેશભાઈ મુંધવાએ સરકારના પશુપાલન વિભાગની સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કાલાવડ તાલુકા પંચાયત ખાતે કર્મચારીઓ માટે નાગરિક સંરક્ષણ તાલીમનું આયોજન કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લા કલેકટર કેતન ઠક્કરના સૂચન અનુસાર કાલાવડ તાલુકા પંચાયત ખાતે નાગરિક સંરક્ષણ અંગે એક દિવસીય પ્રાથમિક તાલીમ યોજવામાં આવી હતી.આ તાલીમમાં તાલુકા પંચાયતના કર્મચારીઓ, તલાટીઓ તથા સરપંચઓએ ભાગ લીધો હતો. જેમાં તાલીમાર્થીઓને યુદ્ધ જેવી પરિસ્થિતિ દરમિયાન કઈ રીતે સજ્જ રહેવુ તથા તંત્ર અને લોકોને કઈ રીતે મદદરૂપ થઇ શકાય તે અંગે સમજુતી આપવામાં આવી હતી. આ સાથે ફાયર વિભાગ અને ૧૦૮ દ્વારા પણ જરૂરી તાલીમ આપવામાં આવી હતી.આ તાલીમમાં નાયબ નિયંત્રક વી.કે.ઉપાધ્યાય, પી.આઈ. એમ.બી.ખીલેરી, તાલુકા વિકાસ અધિકારી ભોજાણી તથા વોર્ડન કિશોર ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીની આયુષ હોસ્પિટલમાં ટાંકા વગરની સર્જરી દ્વારા દર્દીની મોટી પ્રોસ્ટેટ ગ્રંથી સફળતાપૂર્વક દૂર કરાઇ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ૬૫ વર્ષના એક વૃદ્ધ દર્દીને પેશાબ સંબંધિત સમસ્યાઓના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન તેમની પ્રોસ્ટેટ ગ્રંથી ૧૨૭ ગ્રામ જેટલી મોટી હોવાનું ખુલ્યું. અન્ય હોસ્પિટલમાં ચીરો કરીને ટાંકાવાળું ઓપરેશન સૂચવાયું હતું, પણ આયુષ હોસ્પિટલના યુરોલોજીસ્ટ દ્વારા બે તબક્કે ટાંકા વગરના(દૂરબીનથી) સર્જરીથી સફળ ઓપરેશન કરી દર્દીને સંપૂર્ણ સ્વસ્થ કરી રજા આપવામાં આવી હતી.



મોરબીના રહેવાસી ૬૫ વર્ષના વૃદ્ધ દર્દીને છેલ્લા કેટલાક સમયથી પેશાબની તકલીફ હતી જેમાં પેશાબ ધીમે આવવું, અધૂરું લાગવું અને રાત્રે વારંવાર પેશાબ માટે ઉઠવું જેવી સમસ્યાઓ સામેલ હતી. તપાસ દરમિયાન પ્રોસ્ટેટ ગ્રંથી અતિમોટી એટલે કે ૧૨૭ ગ્રામ હોવાનું જાહેર થયું હતું. સામાન્ય રીતે પ્રોસ્ટેટની સાઈઝ ૧૨ થી ૧૫ ગ્રામ જેટલી હોય છે. ત્યારે અન્ય હોસ્પિટલ દ્વારા તેઓને જણાવ્યું કે આટલી મોટી પ્રોસ્ટેટ માટે ટાંકા વગરની (દૂરબીનથી) સર્જરી શક્ય નથી અને ટાંકાવાળું ઓપરેશન કરવું પડશે. જે બાદ દર્દીએ આયુષ હોસ્પિટલનો સંપર્ક કર્યો જ્યાં યુરોલોજીસ્ટ ડૉ. કેયુર પટેલે તપાસ કર્યા બાદ જણાવ્યું કે તબીબી રીતે શક્ય છે કે ટાંકા વગરની પદ્ધતિથી આ સર્જરી કરી શકાય.

દર્દીની અનુકૂળતા મુજબ ચાર દિવસના અંદર બે તબક્કામાં સર્જરી કરી ૧૨૭ ગ્રામની ગ્રંથી સંપૂર્ણપણે દૂર કરવામાં આવી. ઓપરેશન સફળતાપૂર્વક પૂરું થયું અને દર્દી સ્વસ્થ થઈ હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી. દર્દી અને તેમના પરિવારજનોએ ડૉ. કેયુર પટેલ અને સમગ્ર હોસ્પિટલ સ્ટાફનો દિલથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# રેલવે સેફ્ટીમાં ઉત્કૃષ્ટ કાર્ય માટે રાજકોટ ડિવિઝનના ૩ કર્મચારીઓ ડીઆરએમ દ્વારા સન્માનિત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલવે સેફ્ટી માં ઉત્કૃષ્ટ કાર્ય માટે રાજકોટ ડિવિઝનના ૩ કર્મચારીઓ ને રાજકોટ ડિવિઝન રેલ પ્રબંધક અશ્વિની કુમાર દ્વારા આજે ડીઆરએમ ઓફિસ રાજકોટ સ્થિત કોન્ફરન્સ રૂમમાં પ્રશસ્તિ પત્ર પ્રદાન કરી સન્માનિત કરવામાં આવ્યા. રાજકોટ ડિવિઝન ના ટ્રાફિક અને વીજળી (કર્ષણ) વિભાગના કર્મચારીઓને આ એવોર્ડ માર્ચ, ૨૦૨૫ ના મહિનામાં રેલ સુરક્ષામાં શ્રેષ્ઠ કાર્ય માટે આપવામાં આવ્યો છે.

પુરસ્કાર પ્રાપ્ત કરનારા કર્મચારીઓમાં ગૌરવ મીણા (પોઈન્ટ્સમેન-હાપા), શ્યોદાસ મીણા (લોકો પાઈલટ, ગુડ્સ-હાપા) અને અજય (લોકો પાઈલટ, ગુડ્સ-હાપા) નો સમાવેશ થાય છે. ઉપરોક્ત રેલકર્મીઓ દ્વારા કર્મચારીઓ દ્વારા ગાડી સંચાલન દરમિયાન ગાડી અને ટ્રેક ની પાસે અસામાન્ય ઘટના વગેરેને ધ્યાનમાં લેવાનું કાર્ય કરવામાં આવ્યું. આ રેલકર્મીઓની સતર્કતા અને જાગૃતિએ સંભવિત રેલ દુર્ઘટનાને રોકવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝન સુરક્ષા અધિકારી આર સી મીણા, વરિષ્ઠ ડિવિઝન સંચાલન પ્રબંધક સુનિલ કુમાર ગુપ્તા અને વરિષ્ઠ ડિવિઝન વીજળી ઈજનેર (કર્ષણ) મીઠાલાલ મીના ઉપસ્થિત હતા.

# રાવકીમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો




## રક્તદાતાઓએ ૩૧૧ બોટલ રક્તદાન કર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પી.ડી.યુ. સરકારી મેડીકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ, રાજકોટના સહયોગથી લોધિકા તાલુકાના રાવકી ગામે ગ્રામ પંચાયત, રાવકી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન તથા આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા સંયુક્ત પણે બ્લડ ડોનેશન કેમ્પ તથા ડાયાબિટીસ અને બી.પી. તપાસનો કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં રક્તની ૩૧૧ બોટલ એકત્રિત થઈ હતી.

આ કેમ્પમાં ધારા-સભ્ય રમેશભાઈ ટીલાળા, લોધીકા જિલ્લા પંચાયત સદસ્ય મોહનભાઈ દાફડા તથા મુકેશભાઈ તોગડીયા, તાલુકા પંચાયત પ્રમુખ વિપુલભાઈ મોરડ, સરપંચ વિશાલભાઈ ફાચરા, ઉપસરપંચ શૈલેષભાઈ ફાચરા, પૂર્વ મંત્રી અરવિંદભાઈ રૈયાણી તથા ગોવિંદભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા આરોગ્ય અધિકારી, પારડીના પોલીસ ઈન્સ્પેક્ટર તથા મેડિકલ ઓફિસર, રાવકી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ વાલજીભાઈ લકકડ તથા ઉપપ્રમુખ મનસુખભાઈ ગમઢા તથા સર્વે ટ્રસ્ટીઓ, તલાટી સત્યમ દવે સહિત ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# બાગાયતદાર ખેડૂતો માટે સરકારની યોજનાનો લાભ મેળવવાનો અવસર

## તા.૧૫ જુન સુધીમાં આઈ-ખેડુત પોર્ટલ પર અરજી કરી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ માટે આઈ-ખેડુત પોર્ટલ ખુલ્લુ મુકાયું છે. બાગાયતની વિવિધ યોજનાનો લાભ લેવા રાજકોટ જિલ્લાનાં ખેડુતો માટે (http//ikhedut.gujarat.gov.in) પોર્ટલ તા.૧૫ જૂન સુધી વિવિધ ઘટકો માટે ખુલ્લુ મુકાયું છે. જે બાગાયતદાર ખેડુતો બાગાયતી યોજનાઓનો લાભ લેવા માંગતા હોય તેઓએ આઇ- ખેડુત પોર્ટલ પર નોંધણી કર્યા બાદ જ અરજી કરી શકશે. અરજીમા જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી અરજીની પ્રીન્ટ ખેડુતોએ પોતાની પાસે જ રાખવાની રહેશે, જેની નકલ મંજુરી મળ્યા બાદ ક્લેઈમ સબમીટ કરતી વખતે સહીં કરી જરૂરી સાધનીક કાગળો સહિત જિલ્લાની બાગાયત કચેરી ખાતે જમા કરાવવાના થશે. વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, ૨/૩ જીલ્લા સેવા સદન-૩, સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ (ફોન નં-૦૨૮૧-૨૪૪૫૫૧૭), રાજકોટ ખાતે રૂબરૂ અથવા ટેલીફોનીક સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામક રાજકોટ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં દાતાના આર્થિક સહયોગથી બનેલી આંગણવાડીનું તા.૨૨મીએ ઉદઘાટન કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રોલેક્સ રિંગ્સ લિમિટેડના આર્થિક સહયોગથી તા.૨૨ ના રોજ શહેરનાં અમરજીત નગરમાં આંગણવાડીનું લોકાર્પણ કરાશે.

અમરજીત નગર કેન્દ્ર નં-૬૮ આંગણવાડીનો લોકાર્પણ સમારોહ તા.૨૨ મેના રોજ સવારે ૧૧ કલાકે વોર્ડ નંબર-૨ લક્ષ્મણરાય ઈનામદાર વંદન વાટિકા પાસે એરપોર્ટ રોડ ખાતે યોજાશે.

રોલેક્સ રીંગ્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર મનીષભાઈ માદેકાના હસ્તે આંગણવાડીનું ઉદઘાટન કરાશે. મેયર નયનાબેન પેઠડીયાના અધ્યક્ષ સ્થાને આ સમારોહ યોજાશે. જેમા મહાનુભાવો, અધિકારીઓ, આઈસીડીએસનો સ્ટાફ તેમજ આંગણવાડીના બહેનો ઉપસ્થિત રહેશે.

# ગુજરાતના રેલવે પરિદ્રશ્યમાં પરિવર્તન અમૃત ભારત સ્ટેશન યોજના

## પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળના કાનાલુસ સ્ટેશનનો પુનર્વિકાસ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતીય રેલને દેશની જીવન રેખા કહેવામાં આવે છે. રેલ પરિચાલનમાં રેલવે સ્ટેશનોની ભૂમિકા મહત્વપૂર્ણ હોય છે અને આ રેલવે સ્ટેશન શહેરની ઓળખ પણ હોય છે. મોટા ભાગના રેલવે સ્ટેશન હાર્ટ ઓફ ધ સિટી હોય છે, જેની આસપાસ શહેરની તમામ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ગતિવિધિઓ કેન્દ્રિત હોય છે. તેથી રેલવે સ્ટેશનોનો આ રીતે વિકાસ કરવો જરૂરી છે કે રેલવે સ્ટેશન માત્ર ટ્રેનોના થોભવાના સ્થાન ન બને, પરંતુ શહેરની ઓળખ પણ બને. સુંદર અને ભવ્ય સ્ટેશનોને જ્યારે શહેરની સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને ધાર્મિક વિર-ાસતના આધારે વિકસાવવામાં આવે છે, તો ટ્રેનથી પહોંચનારો દેશી અને વિદેશી પર્યટક શહેર સાથેના પોતાના પ્રથમ પરિચયને યાદગાર બનાવી લે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કુશળ નેતૃત્વમાં ભારતની વૈશ્વિક શાખ વધી છે. દેશના વિવિધ રેલવે સ્ટેશનોના પુનર્વિકાસનો શિલાન્યાસ કરતા વડાપ્રધાને કહ્યું હતું કે 'વિકસિત થવાના લક્ષ્ય તરફ પગલું ભરી રહેલું ભારત પોતાના અમૃતકાળના પ્રારંભમાં છે. નવી ઊર્જા છે, નવી પ્રેરણા છે, નવા સંકલ્પો છે.' ભારતીય રેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી દેશના ૧૩૦૦થી વધુ રેલવે સ્ટેશનોના કાયાકલ્પનું કામ શરૂ કર્યું અને હવે ૨ વર્ષથી પણ ઓછા સમયગાળામાં અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનર્વિકસિત ૧૦૩ રેલવે સ્ટેશનોનું ઉદઘાટન થવાનું છે. રેલવે સ્ટેશનોના પુનર્વિકાસની આ ગતિ અદ્વિતીય છે. અનેક કાર્યક્રમોમાં વડાપ્રધાન કહી ચૂક્યા છે કે જે પરિયોજનાઓનો તેઓ શિલાન્યાસ કરે છે તેનું ઉદઘાટન પણ તેઓ જ કરે છે. વાસ્તવમાં, વિકસિત થઈ રહેલા ભારતની આ નવી સંસ્કૃતિ છે, જેના હેઠળ પરિયોજનાઓને પૂરી કરવાની ગતિ ઘણી તેજ થઈ છે. ભારતીય રેલે જેટલી ઝડપી ગતિથી આ કામ પૂર્ણ કર્યું છે, તેના માટે તેની પ્રશંસા થવી જોઈએ.

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિકસાવવામાં આવી રહેલા ૧૩૦૦થી વધુ સ્ટેશનોમાં જે ૧૦૩ સ્ટેશન હમણાં બનીને તૈયાર થયા છે, આ સ્ટેશનો પર ભવ્ય પ્રવેશદ્વાર, આકર્ષક ફસાડ, હાઈ માસ્ટ લાઈટિંગ, આધુનિક પ્રતિક્ષાલય, ટિકિટ કાઉન્ટર, મોર્ડન ટોયલેટ અને દિવ્યાંગજનો માટે સુગમ રેમ્પ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. પ્લેટફોર્મ પર શેલ્ટર, કોચ ઈન્ડિકેશન સિસ્ટમ અને માહિ-તી માટે ડિજિટલ ડિસ્પ્લે લગાવવામાં આવ્યા છે. તમામ સુવિધાઓને દિવ્યાંગજન અનુકૂળ બનાવવામાં આવી છે. દરેક સ્ટેશન પર ગુજરાતની લોક કલા, સંસ્કૃતિ અને પરંપરાઓની ઝલક પણ જોવા મળી રહી છે.

# પ્રેમ પ્રકરણમાં યુવકની હત્યા, યુવતીના પરિવારે પ્રેમીનું અપહરણ કરી ઢોરમાર મારી ફેકી દીધો

## ૧૨ દિવસની સારવાર બાદ મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં પ્રેમ પ્રકરણમાં એક યુવકની હત્યા કરાઇ હોવાની ઘટના સામે આવી છે. પ્રેમ સંબંધથી નારાજ યુવતીના પરિવારજનોએ યુવકનું અપહરણ કરી ઢોરમાર મારી ફેકી દીધો હતો, જેનું ૧૨ દિવસની સારવાર બાદ મોત થયું છે.યુવક-યુવતી લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા હતા

ઘટના અંગે મળતી માહિતી મુજબ ૨૧ વર્ષીય આશિષ રાણાભાઇ અસવાર નામના યુવકને ક્રિષ્ના કેશવાલા નામની યુવતી સાથે પ્રેમ સંબંધ હતો. જે બંને છેલ્લા કેટલાક સમયથી લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા હતા. જોકે, આ વાત યુવતીના પરિવારજનોને પસંદ નહોતી. જેથી યુવતીના પિતા અને ફુવાએ ગત ૭મી મેના રોજ આશિષનું અપહરણ કર્યું હતું.યુવતીના પરિવારજનોએ અપહરણ કરીને માર માર્યો

યુવકનું અપહરણ કરીને યુવતીના પિતા અને ફુવા તેને પોરબંદરના કનસુમરા ગામ પાસે અવાવરુ સ્થળે લઇ ગયા હતા અને ઢોરમાર મારીને ફેકી દીધો હતો. જોકે, આ વાતની જાણ સ્થાનિકોને થતાં ૧૦૮ દ્વારા યુવકને જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.યુવતીએ પિતા-ફુવા અને ફોઇ સામે ફરિયાદ નોંધાવી

આ દરમિયાન ક્રિષ્નાને તેની ફોઇ સાથેની ટેલિફોનીક વાતમાં સમગ્ર ઘટનાની જાણ થઇ હતી. જેથી ક્રિષ્નાએ તેના પિતા વિક્રમભાઈ, ફુવા રામદેવભાઈ અને ફઈબા નીરૂબેન વિરુદ્ધ અપહરણ અને માર મારવાની ફરિયાદ નોંધાવી હતી. જોકે, ૧૨ દિવસની સારવાર બાદ આશિષનું મોત થતાં મામલો હત્યામાં પલટાયો છે.બ્રહ્મ સમાજના અગ્રણી હોસ્પિટલ દોડી ગયા.મૃતક આશિષ વિપ્ર જ્ઞાતિનો હોવાથી બ્રહ્મ સમાજના અગ્રણીઓ મોડી રાત્રે હોસ્પિટલ પહોંચ્યા હતા. મૃતકના પરિવારજનોએ પ્રથમ મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. પોલીસ આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

# ઉનાના દેલવાડા ગામે મછુન્દ્રી નદી કિનારે આવેલા પ્રાચીન મંદિરે ભાવિક ભકત દંપતી દ્વારા પુજા-અર્ચન



**મુખ્ય સમાચાર, ઉના**
**અબ્દુલ પઠાણ**

ઉનાના દેલવાડા ગામના મકવાણા કાન્તિભાઇ હસમુખભાઇ તથા તેમના ધર્મપત્ની કાજલબેન તથા એમના કૌટુંબિક ભાઇ નિલેશભાઇ મકવાણા દ્વારા છેલ્લા ઘણા સમયથી ભિડ ભંજન મહાદેવ મંદિરે દરરોજ સાંજ ના સમયે કલાત્મક રીતે ફુલ પુજા ચડાવવા મા આવે છે આ ફુલ પુજા એ લોકો મા ખાસ આકર્ષણ જમાવ્યું છે દરરોજ ગામજનો દ્વારા આ ફુલ પુજા ના દર્શન નો મોટી સંખ્યામાં લોકો લાભ લય ધન્યતા અનુભવે છે સાથે સાથે આ કલાત્મક રીતે ફુલ પુજા ચડાવવા માટે ખાસ મહેનત કરવી પડે છે અને આ ભિડભંજન મહાદેવ ને સાંજ ના સમયે ફુલ પુજા ચડાવવા નુ અનેરુ મહાત્મ્ય છે આમ આ કોળી સમાજ ના મકવાણા પરિવાર દંપતી તથા તેના ભાઇ દ્વારા ચડાવવા મા આવતી ફુલ પુજા એ અનેરુ આકર્ષણ જમાવ્યું છે.

# ઉપલેટા કડવા પટેલ સોશિયલ ગ્રુપ દ્વારા ઉમા રમતોત્સવનું આયોજન વી .પી ધેટીયા સ્કૂલ ખાતે કરાયું



**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટામાં વીપી ખેટીયા સ્કૂલ ખાતે નાના બાળકોથી લઈ મોટા સુધી રમત ગમત નું આયોજન કરવામાં આવ્યું હતું રમતોમાં ક્રિકેટ બેડમિન્ટન રસાખેચ લીંબુ ચમચી કેરમ સ્લો સાયકલિંગ ક્યુબ ત્રિપગી દોડ ચેસ વગેરે યોજાયું હતું પ્રથમ નંબરે આવેલા ખેલાડીઓનું સન્માન મેડલ સાથે કરવામાં આવ્યું હતું દાતા છગનભાઈ હીરજીભાઈ ભીમાણી તરફથી મેડલ સાથે સન્માનિત કરવામાં આવ્યા કડવા પટેલ સોશિયલ ગ્રુપના પ્રમુખ જીગ્નેશભાઈ ભીમાણી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા કડવા પટેલ સમાજના પ્રમુખ આગેવાનો સાથે મહિલા મંડળના પ્રમુખ સભ્યો હાજર રહ્યા હતા ગામના આગેવાનો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા સાથે સોલીટર એપારમેન્ટ ની ટીમ રસાખેચ માં વિજેતા થઈ હતી ક્યુબમાં પ્રથમ નંબર મેળવનાર ચિરાગ કિશોરભાઈ માકડીયા સાથે મહિલાઓમાંથી રસ્સાખેચમાં આવલ નંબર મેળવનાર બીના ચનીયારા ની ટીમ દ્વારા વિજેતા પ્રથમ નંબર મેળવ્યો છે તેની ટીમ હર હમેશા રાસ ગરબા હોય કે રમત ગમત સાથે તેમના ખેલાડીઓ બિના સનિયારા ની ટીમ દ્વારા નંબર વન વિજેતા ઘોષિત થતા હોય છે ભાવિષા બરચિયા બીના લાલકીયા પૂજા કાલરીયા હેતલ સંતોકી અશ્વિની ભાલોડીયા કીર્તિ કંટારીયા વિજેતા બની દાતાઓના હસ્તે મેડલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા

# ઊનાના દેલવાડા રોડ ઉપર મારા મારીનો વિડીયો વાયરલ થતા કાયદેસર કાર્યવાહી કરતી પોલીસ



**મુખ્ય સમાચાર, ઉના**
**અબ્દુલ પઠાણ**

જુનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા ગીર-સોમનાથ તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી ઉના વિભાગનાઓના દ્વારા દેલવાડા રોડ ઉપર મારા મારીનો વિડીયો વાયરલ થયેલ જે અંગે સુચના કરેલ હોય પોલીસ ઈન્સ્પેકટર એમ.એન.રાણા નાઓએ જુદી જુદી ટીમો બનાવી આ બાબતે આગળની તપાસ પો.સબ. ઈન્સ. આર.પી.જાદવ તથા પો.સબ. ઈન્સ. એ.બી.ચાવડા તથા એ.એસ.આઇ. મનુભાઇ જાદવભાઇ તથા એ.એસ.આઇ. શાંતિલાલ વેલાભાઇ નાઓ દ્વારા આ બાબતે જાહેર સ્થળો ઉપર મારા મારીનો બખેડો કરતા વિડીયો હોય જે અનવ્યે ઓળખ થતા ઈસમો વિરૂધ્ધ ઉના પોલીસે ગુનો રજીસ્ટર કરી અને કાયદેસરની કાર્યવાહી કરી છે, આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ ખૂબ મોટો અને વખત જેલની હવા ખાઈ ચૂક્યા છે.

# ગીર ગઢડા ભાજપનું નવું જનસંપર્ક કાર્યાલય : કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ કર્યું ઉદઘાટન

## ગીર ગઢડા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશ રાખોલીયાના માદરે વતન ચોરાલી મોલી ગામની મુલાકાત લીધી



**મુખ્ય સમાચાર, ઉના**
**અબ્દુલ પઠાણ**

આજ રોજ ગીરગઢડા ગામે ભાજપના જનસંપર્ક કાર્યાલય નું ઉદઘાટન ભારત સરકારના કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. તેમજ ગીરગઢડા તાલુકાના ચોરાલી મોલી ગામે કાર્યકર્તાઓ સાથે શુભેચ્છા મુલાકાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, સાંસદ સભ્ય રાજેશભાઈ ચુડાસમા, ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, પુર્વ જીલ્લા ભાજપ પ્રમુખ માનસિંહભાઈ પરમાર, મહેન્દ્રભાઈ પીઠીયા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોન્ધરા, તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ રાખોલીયા, પૂર્વ પ્રમુખ કાળુભાઈ રૂપાલા, તાલુકા પંચાયતના પ્રમુખ પ્રવીણભાઈ સાંખટ તેમજ તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત ના સદસ્યશ્રીઓ ભારતીય જનતા પાર્ટીના સૌ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# TRP અગ્નિકાંડ મુદ્દે કોંગ્રેસ રેલી યોજે એ પહેલાં જ કાર્યકરોની કરાઈ અટકાયત







તસવીર : આનંદ જાવીયા

## પીડિતોને ન્યાય અપાવવા સતત ૬ દિવસ કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૨૫ મે, ૨૦૨૪ને શનિવારની ઢળતી સાંજે રાજકોટના કાલાવાડ રોડ પર આવેલા TRP ગેમઝોનમાં ભીષણ આગ લાગી હતી. આ આગમાં ૨૭ લોકો જીવતા ભૂંજાઈ ગયા હતા. આ ગેમઝોન પાસે ફાયર NOC જ નહોતું. હાઇકોર્ટની ઝાટકણી બાદ રાજ્ય સરકારે ગાઈડલાઈન તો જાહેર કરી, પણ હજુ સુધી સ્વજન ગુમાવનારા પરિવારોને ન્યાય મળ્યો નથી. આ ઘટનાની પ્રથમ વરસી નજીક આવતાં પીડિતોને ન્યાય અપાવવા માટે કોંગ્રેસે ફરી એકવાર આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું છે, જેમાં આગામી પાંચ દિવસ સુધી કોંગ્રેસ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે, જેની શરૂઆત આજથી કરવામાં આવી છે.

આજે શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ત્રિકોણબાગ ખાતે ભાજપ હાય હાય સહિતના નારા સાથે ઉગ્ર વિરોધપ્રદર્શન કરવામાં આવ્યું હતું. ત્રિકોણબાગથી મનપા કચેરી સુધીની રેલી શરૂ કરતાંની સાથે જ પોલીસ દ્વારા કોંગ્રેસના તમામ કાર્યકર્તાની અટકાયત કરી લેવામાં આવી હતી. કોંગ્રેસ દ્વારા મ્યુ. કમિશનરનો ઘેરાવ કરવાનું આયોજન કરાયું હતું, જેને લઈને સાવચેતીના ભાગરૂપે મનપા કચેરીએ પોલીસ-બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

શહેર કોંગ્રેસ-પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે આગામી ૨૫મી મેના રોજ આ દુર્ઘટનાને એક વર્ષ પૂર્ણ થશે, પરંતુ પીડિત પરિવ-ારોને હજુ સુધી સાચો ન્યાય મળ્યો નથી. અનેક તપાસો થઈ, અધિકારીઓની ધરપકડ થઈ, પરંતુ પીડિતોનાં આંસુ હજુ સુકાયાં નથી તેમજ પદાધિકારીઓ સામે કોઈ પગલાં લેવાયાં નથી, આથી કોંગ્રેસ હવે ચૂપ બેસવા માગતી નથી. પીડિતોને ન્યાય અપાવવા માટે તમામ સંભવ પ્રયાસો કરશે, જેમાં આજે ત્રિકોણબાગ ખાતે કોંગ્રેસના કાર્યકરો, પીડિત પરિવારોના સભ્યો અને ન્યાય માટે લડનારા નાગરિકો દ્વારા પદયાત્રા યોજી મનપા કમિશનરને રજૂઆત કરાશે, જોકે આ પહેલાં ત્રિકોણબાગથી તમામની અટકાયત કરી લેવામાં આવી છે. કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલા ૬ દિવસના જુદા જુદા કાર્યક્રમોની વાત કરીએ તો આજે ત્રિકોણબાગથી મ્યુ. કમિશનર કચેરી સુધી રેલી યોજવાની હતી, પરંતુ તમામની અટકાયત કરી લેવામાં આવી છે. આવતીકાલે (૨૧ મેને બુધવાર) સવારે પોલીસ કમિશનરને રૂબરૂ મળીને સમગ્ર ઘટનાની ગંભીર-તાથી રજૂઆત કરવામાં આવશે. ત્યાર બાદ બપોરના સમયે શહેરના વિવિધ વિસ્તારોમાં ન્યાય સંકલ્પ રથનું પ્રસ્થાન કરાવવામાં આવશે. આ રથ દ્વારા લોકોમાં જાગૃતિ ફેલાવવામાં આવશે અને પીડિતો માટે ન્યાયની માગણીને વધુ મજબૂત બનાવવામાં આવશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રૈયાધાર ઈન્દીરાનગરમાં વાહન અકસ્માત સર્જાતા બે જુથ વચ્ચે સશસ્ત્ર ધીંગાણું

## ગાંધીગ્રામ યુનિ. પોલીસ સામસામી નોંધાઈ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધાર ઈન્દીરાનગર પાસે બાઈક સાથે રીક્ષા અથડાતાં બે પરિવાર વચ્ચે મારામારી થઈ હતી. આ ડખ્ખામાં બે વ્યક્તિને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. ઘવાયેલા બન્નેને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. તેમજ સામસામી છ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેની વિગતો મુજબ, રૈયાધારે મારવાડી વિસ્તારમાં રહેતા પ્રભાતભાઈ અરવિંદભાઈ સોલંકી (ઉ.૧૮)એ તેમના ઘર નજીક રહેતા ભરત પરબતભાઈ ચૌહાણ અને તેમનો ભાઈ વિપુલ પરબત ચૌહાણનું નામ આપતાં તેઓની સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. પ્રભાતભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમની બહેન હિનાને આઠ માસની દીકરી હોય તે વેકેશનના હિસાબે ઘરે આવી હતી. સવારના દસેક વાગ્યે હિનાબેન અને તેની દીકરી બન્નેને રાત્રીના નવેક વાગ્યે રીક્ષામાં બેસાડી તેમના સાસરે

કાલાવડ રોડ રાણી ટાવર નજીક વૃંદાવન સોસાયટીના કવાર્ટરમાં મુકવા જવાની હોય જેથી દેવરાજભાઈ રીક્ષા લઈને આવ્યા હતાં અને હિનાબેનને રીક્ષામાં બેસાડી તેમજ બનેવી સાહીલભાઈ મકવાણા એ બધા સાસરે મુકવા જતાં હતાં ત્યારે મારવાડીવાસ મફતીયાપરામાં રીક્ષા ચલાવીને જતા હતાં ત્યારે એક બાઈક શેરીમાં પડયું હોય તેમને રીક્ષા અડી જતાં બાઈકનાં માલીક અને ઘરના સભ્યો ભરતભાઈ ચૌહાણ બહાર આવી ગાળો આપવા લાગ્યા હતાં અને તેમણે પણ ધોકો લઈ માથાના ભાગે ઝીંકી દેતાં માથાના ભાગે ઈજા થઈ હતી અને પ્રભાતભાઈ નીચે પડી ગયા હતાં ત્યારબાદ ભરતનો ભાઈ વિપુલ તે પણ ઢીકાપાટુનો માર મારવા લાગ્યો હતો. આ મારામારીમાંથી પ્રભાતભાઈને છોડાવવા તેમના ભાઈ અને બનેવી વચ્ચે પડતાં તેમની સાથે પણ આરોપીબંધુઓએ ઝંપાઝપી કરી હતી ત્યારબાદ ત્યાં માણસો ભેગા થઈ જતાં આરોપીઓ ભાગી ગયા હતાં.

જ્યારે સામાપક્ષે ભરતભાઈ પરબતભાઈ ચૌહાણએ પોતાની ફરિયાદમાં પ્રભાત અરવિંદ સોલંકી, દેવરાજ અરવિંદ સોલંકી, પ્રભાતનો સગા બનેવી એમ બધા સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. ભરતભાઈએ જણાવ્યું હતું કે, તેઓ મજુરી રૈયાધારે મિત્રની મસ્તી કરવા મામલે યુવાનને ત્રણ શખ્સોએ છરી ઝીંકી મારમાર્યો કામેથી આવી ન્હાવા ગયા હતાં ત્યારે ઘરની બહાર પડેલા બાઈક સાથે દેવરાજભાઈની રીક્ષા અથડાતાં તેઓને વાહન ધીમુ ચલાવવાનું કહ્યું હતું જેથી આરોપીઓએ એકસંપ થઈ ગાળો બોલવા લાગ્યા હતાં અને પ્રભાતભાઈએ ઈંટો અને પથ્થરના છુટા ઘા કરતાં માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. ત્યારબાદ આરોપી પ્રભાત ઘરમાં પ્રવેશ કરી પથ્થરનો છુટો ઘા કરતાં ભરતભાઈને છાતીના ભાગે પથ્થર વાગી ગયો હતો. આ મામલે સામસામી ફરિયાદ નોંધવામાં આવતાં હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ વાવેચા તપાસ ચલાવી રહ્યાં છે.

# ગોંડલ હોસ્પિટલમાં યુવાનનું દંગલ, પોતાના હાથે માથા પર ઈટ મારી ઈજા કરી



**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ સિવિલ હોસ્પિટલમાં કોઈ કારણોસર વિફરેલા યુવાને દંગલ મચાવ્યું હતુ.નર્શીંગ સ્ટાફ પાછળ કાતર લઇ દોટ મુકતા દર્દીઓ તથા સ્ટાફમાં નાશભાગ મચી ગઇ હતી.તોફાને ચડેલા યુવાને આટલેથી નહી અટકી હોસ્પિટલ નાં કમ્પાઉન્ડમાં જઈ પોતાની જાતે માથા પર ઈંટ નાં ઘા મારતા લોહીલુહાણ થયો હતો.

દરમિયાન હોસ્પિટલ સ્ટાફ તથા શિવમ સાર્વજનિક ટ્રસ્ટ નાં દિનેશભાઈ માધડ તથા યુવાનોએ તેને પકડી ટીંગાટોળી કરી ઈમરજન્સી વિભાગમાં સારવાર અપાવી રવાના કર્યો હતો.આ વેળા પોલીસ ચોકીમાં હાજર એક પોલીસમેન તથા લેડી કોન્સ્ટેબલ મુક બની તમાશો નિહાળતા હતા.

દરમ્યાન રવાના કરાયેલ યુવાન ફરી આવી ચડતા મુક બનેલી પોલીસ આખરે હરકતમાં આવી યુવાનને હોસ્પિટલ બહાર તગેડી મુક્યો હતો.યુવાન નું દંગલ અંદાજે બે થી અઢી કલાક ચાલ્યુ હતુ.ફરજ પરનાં તબીબે પોલીસ ને ફોન કરી જાણ પર કરી હતી.ઉપરાંત યુવાને ખેલ કર્યો ત્યારે હોસ્પિટલ ની પોલીસ ચોકી માં પોલીસ પણ હાજર હતી.છતા ખેલ પડી ગયો હતો.

# ભગવતી પરામાં લુખ્ખાઓ બેફામઃ આ વિસ્તાર મારો છે કહી લુખ્ખાએ પોલીસ સાથે કરી ઝપાઝપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવતી પરામાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સોને ચેક કરવા ગયેલા બી ડિવિઝન પોલીસ મથકના કોન્સ્ટેબલ અજયભાઈ વીઠલભાઈ ચૌહાણને ભગવતી પરા મેઈન રોડ પર આવેલા મોર્ડન સ્કૂલ નજીક રફીક પઠાણ નામના નામચીન શખ્સે અટકાવી અજયભાઈ સાથે જપાજપી કરી છે અને આ માર્યો મારો એરીયો છે અહીં આ પોલીસને આવવાની મનાઈ છે કહી ફરજમાં રૂકાવટ કરી હતી.આ મામલે બી ડિવિઝન પોલીસ મથકમાં ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. અજયભાઈ ચૌહાણે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા.૧૮/૦૫ના રોજ રાત્રીના વિસ્તારમાં રહેતા ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સોને ચેક કરવાની કામગીરીમા હતા દરમ્યાન અજયભાઈના કાકાના દિકરા ને ખેતમ તેના ઘરે ઓમ પાર્ક ખાતે જતો હોવાનુ અને અમોને કહેલ કે, પોલીસ હોય જણાવેલ જેથી તેને અજયભાઈએ જણાવેલ કે,રસ્તામા મારે બે ત્રણ એમ.સી.આર. ચેક કરવાના છે જે ચેક કરી તને ઘરે મુકી જઈશ તેમ જણાવી તેને સાથે લઈ એમ.સી.આર. કાર્ડ વાળાને ચેક કરવા ગયેલ જે એમ.સી.આર. સલીમ ઉર્ફે સલુબાપુ હનીફશા શાહમદાર રહે. ભગવતીપરા શેરી નં. ૧૪, ભરડીયા પાસે રાજકોટ વાળા)ને ચેક કરવા તેના ઘરના સરનામું ગોતતા હોય જે દરમિયાન રાત્રે બારેક વાગ્યે ભગવતીપરા મોર્ડન સ્કુલની સામેના ભાગે આવેલ વિનોબાભાવે આવાસ યોજનાના કવોટર બાજુ થી ભગવતીપરા બાજુ જતા આગળ રસ્તાનુ કામ ચાલુ હોય જેથી અમારૂ બાઈક ઉભુ રાખી પાછુ વાળતા એકટીવા જેવા મો.સા. સાથે એક બાઈક ચાલક આવ્યો અને તેની સાથે એક નાની બાળકી હતી.

આ અજાણ્યા ભાઈએ અમોને કહેલ કે, તમે કોણ છો ? અહી કેમ આવેલ છો ? જેથી અમોએ તેને જણાવેલ કે, આ અજાણ્યા ભાઈએ તો શું થઈ ગયુ આ મારો વિસ્તાર છે. અહીં પોલીસને આવવાની મનાઇ છે. છતાય તે અહીં આવવાની હિંમત કરી ? મારા વિસ્તારમા કોઈને ચેક કરવા આવવું નહીં નહીંતર તને સબુક શીખવાડવો પડશે તેમ કહી અમોને ગાળો આપવા લાગેલ જેથી અમોએ તેને ગાળો આપવાની ના પાડતા આ રફીક મને કહેલ કે, તુ પોલીસ વાળો છે તો બોવ ચરબી આવી ગઈ છે. આજે તો તને જીવતો નથી જવા દેવો તેમ કહી ઝઘડો કરવા લાગેલ અને ઝપાઝપી કરવા લાગેલ અને મારો કાઠલો પકડી લીધેલ જે દરમ્યાન મારા કાકાના દિકરા રાહુલે અમને છોડાવેલ દરમ્યાન અમોએ પોલીસ કન્ટ્રોલ રૂમમા ફોન કરતા આ રફીક તેનુ બાઈક લઈ ત્યાંથી જતો રહેલ અને જતા જતા કહેલ કે, આજે તો જવા દીધો છે હવે પછી આ વિસ્તારમાં આવીશ તો જીવતો નહી જવા દવ તેમ કહી તે નુ બાઈક લઇ જતો રહ્યો હતો.આ મામલે બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

# ૨૧મી સદીમાં પણ અંધશ્રદ્ધા અડીખમઃ પશુની બલી અટકાવવા જતાં પોલીસ-વિજ્ઞાનજાથા પર પથ્થરમારો



**ભારે તંગદિલી અફરાતફરી વચ્ચે ટોળાને કાબુમાં લેવા પોલીસે કર્યુ હવામાં ફાયરીંગઃ હુમલામાં પાંચ જવાન ઘવાયાઃ પોલીસના ધાડે ધાડા ઉતારાયાઃ પાંચ સામે નામજોગ અને ટોળા સામે નોંધાયો ગુનો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં આવેલા દોલતપરા વિસ્તારમાં માતાજીના માંડવામાં પશુબલી અટકાવવા વિજ્ઞાન જાથા અને પોલીસ ટીમ ઉપર ટોળાએ હુમલો કરતા તંગદિલી સર્જાઈ હતી. ઘટનાને પગલે અફડાતફડી સર્જાઈ હતી. સાત બોકડાની બાલી ચડાવ્યાનું ધ્યાને આવતા પોલીસે કાર્યવાહીનો વિરોધ કરી ટોળુ વિફરતા સ્વબચાવમાં પોલીસે હવામાં ફાયરીંગ કરતા ચકચાર મચી ગઈ છે.

ગોંડલ રોડ ઉપર આવેલા દોલતપરામાં માતાજીના માંડવામાં પશુબલી ચડાવવામાં આવી હોવાની બાતમીના મળતા વિજ્ઞાન જાથાની ટીમ પોલીસ પ્રોટેક્શન સાથે દોલતપરા વિસ્તારમાં પહોંચી હતી. માતાજીના માંડવામાં પશુબલી અટકાવવા ગયેલી વિજ્ઞાન જાથાની ટીમ સાથે ગયેલી પોલીસ ટીમ ઉપર અજાણ્યા શખ્સોએ પથ્થરમારો કરી હુમલો કર્યો હતો.

ઘટનાને પગલે વિસ્તારમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. આ ઘટના અંગે જાણ થતાં ઉઈડ, અઈડ સહિતનો ઉચ્ચ અધિકારીઓનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. માતાજીના માંડવામાં પશુબલી અટકાવવા વિજ્ઞાન જાથા અને પોલીસ ટીમ ઉપર ટોળાએ હુમલો કરતા તંગદિલી સર્જાઈ હતી. જેને પગલે દોલતપરા વિસ્તારમાં કોઈ અઘટિત ઘટના ન બને તે માટે પોલીસના ધાડેધાડા ઉતારી દેવામાં આવ્યા હતા. ટોળુ વિફરતા પોલીસે હવામાં ફાયરીંગ કર્યુ હતું.

આ અંગેની વિગત મુજબ દોલતપરા વિસ્તારમાં માતાજીના માંડવામાં પશુબલી અટકાવવા વિજ્ઞાન જાથા અને પોલીસ ટીમ ઉપર ટોળાએ હુમલો કર્યો હતો. ઘટના પહેલા સાત જેટલા પશુઓની બલી ચડાવી દેવામાં આવી છે. સાત બોકડાની બલી ચડાવ્યાની વિજ્ઞાન જાથાના ભાનુબેન મનસુખભાઈ ગોહીલે હકુભાઈ મેઘજીભાઈ વાળા, મુળજીભાઈ વિરજીભાઈ સાડમીયા, રોહીતભાઈ ભરતભાઈ સોવેસીયા પ્રતાપભાઈ કનુભાઈ સોલંકી અરવિંદભાઈ મુકેશભાઈ સોલંકી ફરિયાદ નોંધાવી છે. પથ્થરમારો કરી હુમલો કરનાર અજાણ્યા શખ્સો વિરુદ્ધ આજીડેમ પોલીસે ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી છે.

# નાની ઉંમરે પુત્રનું મોત થતાં પુત્રવધૂના પુનઃવિવાહ કરાવી પરિવારે સમાજને નવો રાહ ચિંધ્યો

## ખોડલધામ વૈદિક વિવાહમાં રચાયો અનોખો સંયોગ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખોડલધામ - કાગવડા ચેરમેને નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટ દ્વારા આધ્યાત્મિક, શિક્ષણ, આરોગ્ય અને ખેતીલક્ષી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ત્યારે લગ્ન પ્રસંગોમાં ખોટા ખર્ચ ન થાય અને સમાજને એક નવીન દિશા મળે તેવા ઉદ્દેશ સાથે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા હિંદુ શાસ્ત્રોક્ત વિધિથી વૈદિક વિવાહ કરાવવામાં આવી રહ્યા છે. આસ્થા ચોક પાસે આવેલા ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત ભોજલરામ ઉત્કર્ષ ભવન ખાતે વૈદિક વિવાહનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વૈદિક વિવાહમાં તાજેતરમાં લગ્નમાં અનોખો સંયોગ રચાયો હતો. દીકરાના નિધન બાદ પિતાએ પુત્રવધુને અન્ય જગ્યાએ પરણાવીને કન્યાદાન કર્યું હતું અને સમાજને એક નવો રાહ ચિધ્યો હતો.

જામનગર જિલ્લાના અમરાપર ગામના નારણભાઈ ઘાડિયાના પુત્ર અંકિતભાઈ ઘાડિયાનું ગત તારીખ ૩૧ ડિસેમ્બરના રોજ નાની ઉંમરે આકસ્મિક અવસાન થયું હતું. અંક્તિભાઈ ઘાડિયાના અવસાન બાદ તેમના પત્ની જાગૃતિબેનના અન્ય જગ્યાએ લગ્ન કરાવવાનું સ્વ. અંક્તિભાઈના પિતા અને જાગૃતિબેનના સસરા નારણભાઈ ઘાડિયાએ નક્કી કર્યું હતું. આ લગ્ન તા.૧૭મેને શનિવારના રોજ ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આયોજિત વૈદિક વિવાહ અંતર્ગત યોજાયા હતા. જેમાં જાગૃતિબેનના પિતા મેઘજીભાઈ સંઘાણી અને સસરા નારણભાઈ ઘાડિયાએ કન્યાદાન કરીને કાલાવડ તાલુકાના મોટી નાગાજાર માતા રૂમેર ભાઈ ભીખાભાઈ વાડોદરિયાના પુત્ર કરાવ્યા હતા. આમ પુત્રવધુને દીકરી સમજીને કન્યાદાન કરીને સસરાએ સમાજમાં એક અનોખું અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડયું છે.

આ વૈદિક વિવાહ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના માનદ મંત્રી જીતુભાઈ વસોયા અને ટ્રસ્ટી બકુલભાઈ સોરઠિયાએ હાજરી આપી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા હતા. મહત્વનું છે કે, રાજકોટના જે.પી. વેલ્સના માલિક જીજ્ઞેશભાઈ પટોડીયા દ્વારા વૈદિક વિવાહમાં જોડાનાર દરેક કન્યાઓને સોનાની ચુક ભેટમાં આપવામાં આવી રહી છે.

# યાજ્ઞિક રોડથી કોર્પોરેશન ચોક સુધી બેફામ કાર હંકારી રોફ જમાવનાર ચાર નબીરા ઝડપાયા

## પહેલા સીનસપાટા કર્યા અને પછી માફી માંગી, પોલીસે ગુનો નોંધી કાર કબજે લઇ કાયદાનું ભાન કરાવ્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોશ્યલ મીડિયામાં એક વિડીયો વાયરલ થયો હતો જેમાં યાજ્ઞિક રોડથી કોર્પોરેશન ચોક સુધીના રસ્તા પર ચાર સ્કોર્પિયો કાર રોંગ સાઈડમાં પુરપાટ ઝડપે ચાલતી હોય તેવું જોવા મળતા એ ડીવીઝન પોલીસે નંબર આધારે ગુનો નોંધી ચારેય નબીરાઓને દબોચી લઇ કાયદાનું ભાન કરાવતા સીનસપાટા કરનાર શખ્સોને માફી માંગવાનો વખત આવ્યો હતો.

યાજ્ઞિક રોડથી કોર્પોરેશન ચોક થઈ બસ સ્ટેન્ડ પાછળના વિસ્તાર સુધી કાળા કલરની ત્રણ સ્કોર્પિયો સહીત ચાર કારના ચાલકોએ પોતાની કાર રોંગ સાઈડમાં પુરપાટ ઝડપે ચલાવી કાયદો હાથમાં લીધો હોય તેવો વિડીયો વાયરલ થતા એ ડીવીઝન પીઆઈ બી વી બોરીસાગર અને ટીમે કાર નંબર આધારે તપાસ શરુ કરી હતી જેમાં જી જે ૩૬ એફ એ ૦૦૫૨, જી જે ૦૩ એન પી ૦૯૦૨, જી જે ૩૭ એ બી ૧૬૧૬ અને જી જે ૦૩ એન પી ૦૧૨૪ નંબરની કાર અંગે તપાસ કરી રામનાથપરાના આકિબ યાસીનભાઈ જલવાણી, સાહિલ અયુબભાઈ ટોયા, હાથીખાનાના ફરહાદ મહેબુબભાઈ સુમરા અને મનહર સોસાયટીના શેનીફ રફીકભાઈ સૈયદ સામે ગુનો નોંધી ચારેયની ધરપકડ કરી માફી મંગાવી હતી પ્રાથમિક તપાસમાં ગત ૨૪ તારીખે ચા પીવા ગયા હોય પરત આવતી વેળાએ આ વિડીયો બનાવ્યો હોવાનું જણાવતા પોલીસે ચારેય કાર કબજે કરી તપાસ હાથ ધરી છે આકીબ અગાઉ હત્યાની કોશીષના ગુનામાં પકડાઈ ચુકયો છે.

# મવડીના યુવકને મોટાવડા લઈ જઈ ખૂનની ધમકી આપી ૧.૧૧ લાખ લૂંટ કરનાર છ શખ્સની ધરપકડ

## સોશ્યલ મીડિયા મારફતે મિત્રતા કેળવી સાઈટ જોવાના બહાને લઈ ગયાઃ ધોરાજીના સૂત્રધારે રાજકોટના પાંચ મળતિયાઓ સાથે મળી કાવતરૂ ઘડ્યું હતું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મવડીમાં રહેતા યુવક સાથે મિત્રતા કેળવી ધોરાજીના શખ્સે રાજકોટના પાંચ મળતિયાઓ સાથે મળી કાવતરું ઘડી ગત ૯ તારીખે મોટાવડા સાઈટ જોવાના બહાને લઈ જઈ ધમકી આપી ૧,૧૦,૫૦૦ લુંટી લીધાની ફરિયાદ ગત ૧૭ તારીખે મેટોડા પોલીસમાં નોંધાતા પોલીસે છ શખ્સોની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટના મવડી પ્લોટમાં રહેતા અને મેટોડા કંપનીમાં પ્લાન્ટ હેડ તરીકે ફરજ બજાવતા વૃશ્ચિક મુકેશભાઈ સગપરીયા ઉ.૨૭એ નિકુંજ ગોંડલીયા, ઈરફાન, રાકેશ, તાજમહમદ, ચેતન અને દબંગ સામે લૂંટ અંગે ગત ૧૭તારીખે મેટોડા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં જણાવ્યું હતું કે નિકુંજએ વોટ્સઅપ મારફત મેસેજ કરી વાતચીત ચાલુ કરતા મિત્રતા થઇ હતી દરમિયાન ગત ૯ તારીખે મોટાવડા સાઈટ જોવા જવાનું કહી એક બંધ સાઈટના ફ્લેટ પર લઈ ગયેલ ત્યાં અન્ય પાંચ શખ્સો ધસી આવ્યા હતા અને નિકુંજને બહાર લઈ જઈ મને ધમકાવી જો જીવતું જવું હોય તો જે હોય તે આપી દે તેમ કહી પાકીટમાંથી રોકડા ૪૦૦૦, તેમજ ગુગલ પે મારફ્ત પૈસા મંગાવવાનું કહેતા ૫૦ હજાર મિત્ર સાવનભાઈ પાસેથી અને ૪૦ હજાર મોટાબાપુના દીકરા મિલનભાઈ પાસેથી મંગાવ્યા હતા બાદમાં એટીએમનો પાસવર્ડ માંગી ૬૬ હજાર તેમાંથી અને ૪૦,૫૦૦ ગુગલપેમાંથી કાઢી લુંટી લીધા હતા ત્યારે નિકુંજ પણ ગાયબ થઈ ગયો હોવાની ફરિયાદ નોંધાવતા મેટોડા પીઆઈ એસ એચ શર્મા અને ટીમે ઉપરોક્ત ગુનાને અંજામ આપનાર મૂળ ધોરાજી હાલ રાજકોટમાં રહેતા નિકુંજ નરોતમભાઈ ગોંડલીયા, યોગેશ ઉર્ફે રાકેશ રામસિંગભાઈ સિંગર, તાજમહમદ સીદીકભાઈ કટિયા, કેતન ઉર્ફે ચેતન ઉર્ફે ચોટી મુકેશભાઈ દેગામા, ઈરફાન ઉર્ફે તલવાર મહમદભાઈ બુખારી અને ઈમરાન ઉર્ફે દબંગ મામદભાઈ સોઢાની ધરપકડ તમામ ૧,૧૦,૫૦૦ની રોકડ કબજે કરી છે તાજમહમદ અને કેતન સામે એક એક ગુનો અને ઈરફાન સામે ૩ ગુના નોંધાઈ ચુક્યા છે આ ટોળકીનો કોઈ ભોગ બન્યું હોય તો તુરંત મેટોડા પોલીસનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

# નવા રીંગ રોડ પર આવેલા ખુલ્લા પ્લોટમાં બાંધકામ કોન્ટ્રાકટરનો આપઘાત

## રાજી ખુશીથી પગલું ભરું છું, કોઈ જાતની તકલીફ નથી સ્યુસાઈડ નોટ લખી ભરેલું અંતિમ પગલું, પોલીસે મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડી કાર્યવાહી હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**



યુનિ.રોડ વિસ્તારમાં રહેતા બાંધકામ કોન્ટ્રાકટરે નવા રીંગ રોડ પર આવેલા ખુલ્લા પ્લોટમાં પોતાની જાતે કેબલના વાયરથી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.બનાવ અંગેની રાહદારીએ ૧૦૦ને જાણ કરતા પોલીસ સ્ટાફ દોડી જઈ ૧૦૮ને બોલાવતા ઈએમટી સહિતનાએ તપાસી પ્રૌઢને મૃત જાહેર કર્યા હતા. પોલીસે મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે મૃતદેહ પાસેથી એક સ્યુસાઈડ નોટ મળી આવતા આગળ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ યુનિ.રોડના રવિ રત્ન પાર્કમાં રહેતા અને બાંધકામ કોન્ટ્રાકટર તરીકે કામ કરતા કાલીદાસ કુરજીભાઈ અધવાણી ઉ.૫૫ નામના પ્રૌઢે સમી સાંજે નવા દોઢસો ફુટ રીંગરોડ પર આવેલા એક ખુલ્લા પ્લોટમાં પોતાની જાતે કેબલના વાયરથી ગળેફાંસો ખાઈ લીધો હતો. થોડીવાર બાદ એક રાહદારી ત્યાંથી પસાર થતા પ્રૌઢને પ્લોટમાં પડેલા જોઈ ૧૦૦ નંબરમાં પોલીસને જાણ કરતા યુનિ. પોલીસ મથકના એએસઆઈ બાળા રાઈટર અક્ષયભાઈ સહિતનો સ્ટાફ દોડી જઈ બોલાવતા ઈએમટી સહિતનાએ પ્રૌઢને તપાસી મૃત જાહેર કર્યા હતા. પોલીસે પ્રૌઢની ઓળખ મેળવવા તેના ખિસ્સાની ઝડતી લેતા એક સ્યુસાઈડ નોટ મળી આવેલ હતી. જેમાં રાજી ખુશીથી પગલું ભરું છું, કોઈ જાતની તકલીફ નથી તેમ લખ્યું હતું. પોલીસે સ્યુસાઈડ નોટ કબજે કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડયો હતો. પ્રાથમિક તપાસમાં પ્રૌઢને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રીઓ છે જે તમામ બેંગ્લોર ખાતે રહે છે. અહીં દંપતિ રહેતું હતું. ક્યાં કારણોસર પગલું ભર્યુ તે જાણવા પોલીસે તપાસ યથાવત રાખી છે.

# જેતપુરમાં આડા સબંધના કારણે કુખ્યાત શખ્સની હત્યા

## પાસામાંથી છુટેલા યુવાનનું પડોશી પરિવારે હુમલો કરી ઢીમ ઢાળી દીધુ



**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સની હત્યા થઈ હોવાની ઘટના સામે આવી છે. જેતપુરના ગોંડલ દરવાજે રહેતા અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા સાજીદ હાજી શેખ ની આડા સંબંધોને કારણે હત્યા થઈ છે.

વિગત એવી જાણવા મળે છે કે ફૂલવાડી ચાંદની ચોકમાં કોઈ મૃતદેહ પડેલો હોવાથી તેમને ૧૦૮ મારફતે સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા ત્યારે પોલીસને જાણ કરતા દોડી આવેલ અને પોલીસે તપાસ શરૂ કરવામાં આવી. આ બનાવમાં મરણ જનાર ના દીકરા સાજીદ ઉપર હુમલો કરી તેમને માથાના ભાગે ઇજા કરી તેમનું મોત નિપજાવેલ છે. પિતા હાજી શાહ અલીશા શેખે ફરિયાદ નોંધાવી છે કે ગોંડલ દરવાજે તેમની બાજુમાં રહેતા સુનિલ કરર્શન કટારીયા, શર્મિલાબેન તથા કરસનભાઈ કટારીયા, જયાબેન, મુકેશ, ધવલ, વગેરે એ એક સાથે મળી તેમના સાજીદ ને આડા સંબંધો હોવાને કારણે એકાદ વર્ષ પહેલા પણ આ પરિવાર સાથે માથાકૂટ થઈ હતી અને એસ્ટ્રોસિટી ની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી ગઈકાલે ફરી મારામારી થતા સાજીદ ઉપર હુમલો થતાં તેમનું મૃત્યુ થયું છે સાજીદ હજુ હમણાં જ પાશામાંથી છૂટીને આવ્યો છે ગઈ રાત્રે તેમને ઈજા થતાં જે સરકારી દવાખાને સારવાર માટે આવ્યો હતો પણ સારવાર થાય તે પહેલા જ ગમે તે કારણોસર સરકારી હોસ્પિટલમાંથી ચાલ્યો ગયો હતો અને આજે સવારે તેમને મૃતદેહ મળી આવેલ છે આ અંગે સીટી પોલીસે તપાસ શરૂ કરી છે.

# મનહર સોસાયટીનમાં નાનાભાઈએ પ્રેમલગ્ન કર્યાનો ખાર રાખી યુવતિના પિતા સહિત ચાર શખ્સોનો યુવક પર હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



આરટીઓ પાછળ રહેતા યુવકના ભાઈએ એકમાસ પૂર્વે તેની સોસાયટીમાં રહેતા શખસની પુત્રી સાથે કોર્ટ મેરેજ કરી કયાંક જતા રહ્યા હોવાનો ખાર રાખી યુવતિના પિતા સહિત ચાર શખસોએ યુવક પર ધોકા-ધારીયા વડે હુમલો કર્યો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ અંગેની માહિતી મુજબ મનહર સોસાયટી શેરી નં ૪માં રહેતા મયુર ઉર્ફે જયદીપ રણજીતભાઈ ડોડીયાએ બી ડીવીઝન પોલીસમાં રાવત કુગસીયા અને ત્રણ અજાણ્યા શખસો સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે અમારી સોસાયટીમાં રહેતા રાવત કુગસીયાની પુત્રી પ્રેરણા સાથે પ્રેમસંબંધ હોય જે બન્ને પોતાની મરજીથી કોર્ટ મેરેજ કરી ઘરેથી કોઈને કીધા વગર કયાંક જતા રહેલ છે. જે વાતનો ખાર રાખી ગઈકાલે યુવકે કામ ગયો હતો ત્યારે તેણીના પિતાનો ફોન આવ્યો અને કહ્યું કે આવો આપડે છોકરો-છોકરી ભાગી ગયેલ છે તેની મીટીંગ કરવાની છે કહેતા મને કંઈ ખબર નથી તેમ વાત યુવકે કરી હતી. બાદ બપોરે યુવકે ઘરે જતો હતો ત્યારે ઉપરોકત ચારેય યુવકે ગાળો આપી ધોકા-ધારીયા વડે હુમલો કરી નાશી છુટયા હોવાની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એમ.એન.પીઠીયાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આજે અલીના કંડિયાનો જન્મદિવસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચક્રવાત ન્યુઝના રીપોર્ટર અકબર કંડિયાની પુત્રી અલીના કંડિયાનો આજે જન્મદિવસ છે. તેમના જન્મદિવસ પર પરિવારજનો, સગા-સંબંધિઓ સવારથી જ જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. ત્યારે મુખ્ય સમાચાર પરિવાર તરફથી જન્મદિવસ દિવસની હાર્દિક શભુકામનાઓ...